dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year - 7 | Issue- 276 | AD - 2024, Ashadh Sud - 04 | Tuesday, Dt.09-07-2024 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

### જનજીવન અસ્તવ્યસ્ત, મુંબઈની તમામ ખાનગી, સરકારી શાળા-કોલેજોમાં રજા જાહેર

# મુંબઈમાં ભારે વરસાદને કારણે જળબંબાકાર, ટ્રેન-હવાઈ સેવાને અસર

મુંબઈ,તા.૮

હવે ચોમાસાની શરૂઆત થઈ ગઈ છે. મહારાષ્ટ્રની રાજધાની મુંબઈમાં દરરોજ ભારે વરસાદ પડી રહ્યો છે. સ્થિતિ એવી છે કે સર્વત્ર જળબંબાકાર જોવા મળી રહ્યો છે. રસ્તાઓથી લઈને રેલવે ટ્રેક સુધી બધે જ પાણી છે જેના કારણે રસ્તા પરના વાહનો માંડ માંડ તેમના ગંતવ્ય સ્થાને પહોંચી શકતા હોય છે. રેલવેએ ઘણી ટ્રેનોના રૂટ પણ ડાયવર્ટ કર્યા છે કારણ કે ટ્રેક પાણી અને કાદવથી ભરેલા છે. ફ્લાઈટ્સને એરપોર્ટ પર ઉતરવામાં પણ મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર વરસાદનો આ ટ્રેન્ડ ચાલુ રહેશે. બાંદ્રામાં ગાજવીજ અને વીજળીના ચમકારા સાથે ભારે વરસાદ પડશે. શહેરમાં આગામી કલાકોમાં ભારે વરસાદ પડવાની સંભાવના છે. શહેરનાં ચકલા (૨૭૮ એમએમ), આરે (૨૫૯ એમએમ), પવઈ (૩૧ એમએમ), સેવરી (૧૮ એમએમ) અને ધારાવી (૧૬૫ એમએમ)માં ભારે વરસાદ નોંધાયો હતો. તોફાન અને વરસાદને કારણે પાટા પર એક વૃક્ષ પડી જતાં કસારા અને ટિટવાલા સ્ટેશનો વચ્ચે લોકલ ટ્રેન સેવાઓ સ્થગિત કરવામાં આવી હતી. આ ઉપરાંત અટગાંવ અને થાંસિત સ્ટેશનો વચ્ચેના ટ્રેક પર પાણી તેમજ કાદવ જમા થયો છે. અહીં પણ એક ઝાડ પાટા પર પડ્યું હતું. જેના કારણે વશિંદ સ્ટેશન બ્લોક થઈ ગયું હતું. અહીંથી પસાર થતી ટ્રેનોને ડાયવર્ટ કરવી પડી હતી. રેલવે સ્ટેશન ઉપરાંત રસ્તાઓની હાલત પણ ખરાબ છે. અનેક ફૂટ ઉંચાઈ સુધી પાણી ભરાઈ ગયા છે. જ્યાં દરરોજ વાહનોની અવરજવર રહેતી હોય તેવા માર્ગો પર પાણી ભરાવાના કારણે હવે વાહનો



ધીમી ગતિએ દોડતા જોવા મળે છે. લાંબા ટ્રાફિક જામ જેવી સમસ્યા પણ જોવા મળી રહી છે. ૨૭ ફ્લાઈટ ડાયવર્ટ કરવામાં આવી હતી. એરપોર્ટ પર રાત્રે ૨.૨૦ થી ૩.૪૦ સુધી કામગીરી બંધ કરવી પડી હતી. ફ્લાઈટને અમદાવાદ, હૈદરાબાદ, ઈન્દોર જેવા શહેરોમાં ડાયવર્ટ કરવી પડી હતી. ભારે વરસાદને કારણે મુંબઈ યુનિવર્સિટી દ્વારા તમામ સીડીઓઈ પરીક્ષાઓ મુલતવી રાખવામાં આવી છે. આ પરીક્ષાઓની નવી તારીખ ૧૩ જુલાઈ ૨૦૨૪ રહેશે. સમય અને સ્થળ એ જ રહેશે. વિદ્યાર્થીઓને અસુવિધા ટાળવા માટે, મુંબઈની તમામ બીએમસી, સરકારી અને ખાનગી શાળાઓ અને કોલેજોમાં પ્રથમ સત્ર માટે રજા જાહેર કરવામાં આવી છે. પરિસ્થિતિની સમીક્ષા કર્યા બાદ આગામી સત્ર માટે નિર્ણય જાહેર કરવામાં આવશે. મહારાષ્ટ્રના સીએમ એકનાથ શિંદેએ પોસ્ટ કરીને લોકોને એકદમ જરૂરી હોય ત્યારે જ ઘરની બહાર નીકળવા કહ્યું છે. શિંદેએ નાગરિકોને તેમના ઘરમાં રહેવાની વિનંતી કરી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આગામી ત્રણથી ચાર દિવસ સુધી વરસાદ યથાવત રહેશે. મધ્ય મહારાષ્ટ્ર અને મરાઠવાડામાં ૯મીથી ૧૦મી જુલાઈ દરમિયાન મુશળધાર વરસાદની શક્યતા છે. મુંબઈ અને તેની આસપાસના વિસ્તારોમાં પૂર જેવી સ્થિતિ છે. તેમની કેટલીક તસવીરો પણ સામે આવી છે. તસ્વીરોમાં પાણી ભરાવાને કારણે મોટા વાહનો પણ પાણીમાં ગરકાવ થતા નજરે પડે છે. મુંબઈમાં આજે વહેલી સવારથી શહેર અને ઉપનગરોમાં

**વરસાદને કારણે ટ્રાફિક જામની સ્થિતિ, નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા**

ભારે વરસાદ પડ્યો હતો, જેના કારણે મુખ્ય રસ્તાઓ અને નીચાણવાળા વિસ્તારોમાં વ્યાપક પાણી ભરાઈ ગયા છે. જેના કારણે સમગ્ર શહેરમાં ટ્રાફિક જામ થયો હતો. અંધેરી, કુર્લા, ભાંડુપ, કિંગ્સ સર્કલ અને દાદર સહિતના કેટલાક વિસ્તારોમાં, અન્ય સ્થળોએ નોંધપાત્ર પાણીનો સંચય નોંધાયો હતો.

**કંપનીઓના લાયસન્સ રદ કરીને ઉત્પાદન તાત્કાલિક અસરથી બંધ કરવા માટે નોટિસો ફટકારી**

# ભારતીય ખાદ્ય સુરક્ષા વિભાગે ૧૧૦ મસાલા ઉત્પાદક કંપનીઓના લાયસન્સ રદ કરતા બજારમાં હડકંપ

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૮

ભારતીય ખાદ્ય સુરક્ષા વિભાગે તાજેતરમાં મસાલા ઉત્પાદક કંપનીઓ પૈકી ગરબડ કરી વિદેશમાં માલ સપ્લાય કરતી ૧૧૦ કંપનીઓના લાયસન્સ રદ કરી લાલ આંખ કરતાં મસાલા બજારમાં ભારે હડકંપ મચી જવા પામી છે. ક્વોલીટી ચેકીંગ દરમ્યાન ગેરરીતિઓ બહાર આવતાં સરકાર પણ ચોંકી ઉઠી છે. દેશભરમાંથી ચાર હજાર જેટલા સેમ્પલ એકત્રિત કરીને પ્રયોગશાળામાં તપાસ કરાવતાં મોટી ખ્યાતિ ધરાવતી નામચીન કંપનીઓની કરતૂતો બહાર આવતાં તંત્રએ ૧૧૦ ઉપરાંત કંપનીઓના લાયસન્સ રદ કરીને ઉત્પાદન તાત્કાલિક અસરથી બંધ કરવા માટે નોટિસો ફટકારી કડક કાર્યવાહી કરવામાં આવી છે. હાલમાં મસાલાની ગુણવત્તા ચેક કરતી પરીક્ષણ લેબોરેટરીઓની ઓછી સંખ્યા સામે સેમ્પલો હજારોની સંખ્યામાં હોવાથી રિપોર્ટ આવતાં ખૂબ સમય લાગી રહ્યો છે. જેમ જેમ રિપોર્ટ બહાર આવશે તેમ તેમ આગામી સમયમાં કેટલીય અન્ય મસાલા કંપનીઓના લાયસન્સ રદ થઈ શકે તેમ છે. સરકારે ગરબડ, ભેળસેળ કરતી કંપનીઓના લાયસન્સ રદ કરી



ધંધો ન કરવાની સૂચનાની સાથે હાજર સ્ટોક પણ સીલ કર્યો છે. મસાલા કંપનીઓના સેમ્પલોમાં કેન્સરના રોગનું કારણ બની શકે તેવા પદાર્થો જેવા કે ઈથેલિન ઓકસાઈડની માત્રા નિયત મર્યાદા કરતાં વધુ પ્રમાણમાં હોવાનું રિપોર્ટમાં બહાર આવતાં સરકાર દ્વારા તાત્કાલિક અસરથી પગલાં લઈ સખત કાર્યવાહી કરવામાં આવી રહી છે. ખાસ કરીને કેરાલા તથા તમિલનાડુની નાની-મોટી કંપનીઓના લાયસન્સ રદ કરવામાં આવ્યા છે. સાથે સાથે ગુજરાત, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ જેવા રાજ્યોની મસાલા કંપનીઓના સેમ્પલોની લેબોરેટરી તપાસ હાલમાં ચાલી રહી છે. મસાલા ઉદ્યોગમાં ભારત સમગ્ર વિશ્વમાં સૌથી મોટો નિકાસકાર દેશ રહ્યો છે. આજકાલ ભારતીય મસાલામાં ઈથેલિન ઓક્સાઈડ એટલે કે પેસ્ટીસાઈડ કિટનાશક દવાઓનું પ્રમાણ વધુ હોવાનો ઈસ્યુ વિવાદાસ્પદ બન્યો છે.

# જમ્મુ-કાશ્મીરના કઠુઆ જિલ્લામાં સેનાના વાહન પર આંતકી હુમલો : ૪ જવાન શહીદ

જમ્મુ,તા.૬

જમ્મુ-કાશ્મીરના કઠુઆ જિલ્લાના બિલવરમાં સોમવારે આતંકીઓએ સેનાના વાહન પર હુમલો કર્યો હતો. આ ઘટના લોહી મલ્હાર બ્લોકના માચેરી વિસ્તારના બદનોટા ગામમાં બની હતી. અત્યાર સુધી પ્રાપ્ત માહિતી અનુસાર, ચાર જવાન શહીદ થયા છે અને છ જવાન ઘાયલ થયા છે. પોલીસ અને સુરક્ષા દળોની સંયુક્ત ટીમ મછેડી વિસ્તારમાં સર્ચ કરી રહી હતી. સર્ચ દરમિયાન આતંકીઓએ તેમના પર ફાયરિંગ કર્યું હતું. વિસ્તારમાં વધુ સુરક્ષા દળો મોકલવામાં આવ્યા છે. બે મહિનામાં સેનાના વાહન પર આ બીજો આતંકવાદી હુમલો છે. જ્યારે બે દિવસમાં સેના પર આ બીજો હુમલો છે. ગઈ કાલે રવિવારે સૈન્ય ચોકી પર હુમલો થયો હતો. આ પહેલા ૪ મેના રોજ પૂંછના શાહસિતાર વિસ્તારમાં એરફોર્સના કાફલા પર હુમલો કરવામાં આવ્યો હતો, જેમાં એક જવાન શહીદ થયા હતા અને ૪ અન્ય જવાનો ઘાયલ થયા હતા. આતંકવાદીઓએ સુરક્ષાદળોના બે વાહનો પર ગોળીબાર કર્યો હતો. આમાંનું એક વાહન એરફોર્સનું હતું. બંને વાહનો સનાઈ ટોપ તરફ જઈ રહ્યા હતા. આતંકવાદીઓની ગોળીઓ વાહનના આગળના અને બાજુના કાચને પાર કરી ગઈ હતી. રવિવારે રાજૌરી જિલ્લાના એક ગામમાં આતંકવાદીઓએ સુરક્ષા ચોકી પર ગોળીબાર કર્યો હતો. જેમાં સેનાનો એક જવાન ઘાયલ થયો હતો. અધિકારીઓએ જણાવ્યું કે આતંકવાદીઓએ સવારે લગભગ ૪ વાગ્યે મંજકોટ વિસ્તારના ગલુથી ગામમાં આર્મી પોસ્ટ પર ગોળીબાર કર્યો, જેના પછી જવાનોએ જવાબી કાર્યવાહી કરી. તેમણે જણાવ્યું કે આતંકીઓ અને જવાનો વચ્ચે લગભગ અડધા કલાક સુધી ગોળીબાર થયો, જેમાં સેનાનો એક જવાન ઘાયલ થયો. પરંતુ, આતંકવાદીઓ નજીકના જંગલમાં ભાગી ગયા હતા. આતંકવાદીઓને શોધવા માટે મોટા પાયે સર્ચ ઓપરેશન ચલાવવામાં આવી રહ્યું છે.

### જળવાયુ પરિવર્તનના કારણે પૃથ્વીનું પાણી ઝડપથી ઘટી રહ્યું છે

# ઉત્તર ભારતમાં ૨૦ વર્ષમાં ૪૫૦ ઘન કિલોમીટર ભૂગર્ભજળ ઘટ્યું

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૮

આગામી દિવસોમાં પાણીની કટોકટી વધુ ઘેરી બની શકે છે. કારણ કે પૃથ્વીની નીચેનું પાણી ઝડપથી ઘટી રહ્યું છે. આ માહિતી એક અભ્યાસમાં સામે આવી છે. અભ્યાસ મુજબ, ઉત્તર ભારતમાં ૨૦૦૨ થી ૨૦૨૧ સુધીમાં લગભગ ૪૫૦ ઘન કિલોમીટર ભૂગર્ભજળમાં ઘટાડો થયો છે અને જળવાયુ પરિવર્તનને કારણે નજીકના ભવિષ્યમાં તેની માત્રામાં વધુ ઘટાડો થશે.

ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી સિવિલ એન્જિનિયરિંગ અને અર્થ સાયન્સના અધ્યાપક અને અભ્યાસના મુખ્ય લેખક વિમલ મિશ્રાએ જણાવ્યું હતું કે આ ભારતના સૌથી મોટા જળાશય ઈન્દિરા સાગર ડેમના કુલ જળ સંગ્રહના પ્રમાણમાં ૩૭ ગણો છે. અભ્યાસ દરમિયાન, સંશોધકોએ શોધ્યું કે ૧૯૫૧-૨૦૨૧ના સમયગાળા દરમિયાન સમગ્ર ઉત્તર ભારતમાં ચોમાસાની મોસમ (જૂનથી સપ્ટેમ્બર) દરમિયાન વરસાદમાં ૮.૫ ટકાનો ઘટાડો થયો હતો. આ સમયગાળા



દરમિયાન પ્રદેશમાં શિયાળાની મોસમના તાપમાનમાં ૦.૩ ડિગ્રી સેલ્સિયસનો વધારો થયો છે.

હૈદરાબાદ સ્થિત નેશનલ જિયોફિઝિકલ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ (એનજીઆરઆઈ)ના સંશોધકોની ટીમે જણાવ્યું હતું કે ચોમાસા દરમિયાન ઓછો વરસાદ અને શિયાળા દરમિયાન વધતા તાપમાનને કારણે સિંચાઈ માટે પાણીની માંગમાં વધારો થશે અને આનાથી ભૂગર્ભજળ રિચાર્જમાં ઘટાડો થશે, જેના કારણે પાણીમાં ઘટાડો થશે. ઉત્તર ભારતમાં પહેલેથી જ ઘટી રહેલા ભૂગર્ભજળના સંસાધનો પર વધુ દબાણ આવશે. ૨૦૨૨ના શિયાળામાં પ્રમાણમાં ગરમ હવામાન દરમિયાન, સંશોધકોએ શોધી કાઢ્યું કે ચોમાસા દરમિયાન ઓછા વરસાદને કારણે પાકને વધુ ભૂગર્ભજળની જરૂર પડે છે અને શિયાળામાં ઊંચા તાપમાને જમીન પ્રમાણમાં શુષ્ક બની જાય છે, જેના માટે પુનઃસિંચાઈ કરવાની જરૂર છે.







# પ્રધાનમંત્રી મોદીની રશિયા મુલાકાત પર અમરિકા, ચીન અને પાકિસ્તાનની નજર

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૮

સતત ત્રીજીવારની સરકાર રચ્યાં બાદ, વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૮ જુલાઈએ રશિયાની મુલાકાતે ગયા છે. પીએમ મોદી અને રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદીમીર પુતિનની આ મુલાકાત ભારત અને રશિયા વચ્ચેની દાયકાઓ જૂની મિત્રતાને વધુ એકવાર મ્હોર મારશે. હાલના વૈશ્વિક સમીકરણને ધ્યાને લઈને વડાપ્રધાન મોદીની રશિયાની મુલાકાત ઉપર ચીન, પાકિસ્તાન અને અમેરિકા બાજ નજર રાખી રહ્યાં છે. પીએમ મોદી એકમાત્ર એવા નેતા છે જેમની અમેરિકા અને રશિયા બંને સાથે ગાઢ મિત્રતા છે, આવી સ્થિતિમાં આ પ્રવાસની વિશ્વ વ્યવસ્થા પર શું અસર પડશે, શું યુક્રેન યુદ્ધને લઈને રશિયાની રણનીતિ બદલાશે?

પીએમ મોદીની આ રશિયા મુલાકાત ૨ દિવસની છે. વડાપ્રધાન મોદી ૫ વર્ષ પછી રશિયા ગયા છે. રશિયાના રાષ્ટ્રપતિ પુતિન સાથે પીએમ મોદીની મુલાકાતમાં ઘણા કરારો પર હસ્તાક્ષર થવાની સંભાવના છે. આ સિવાય પીએમ મોદી રશિયામાં ભારતીય સમુદાયને પણ મળશે.



સંજોગ ન્યૂઝ
# આપણું અમરેલી
મંગળવાર, તા.૦૯-૦૭-૨૦૨૪




**ધો.૧૦માં પાસ કરાવવાની લાલચ આપી નરાધમ શિક્ષક સગીરાનો દેહ ચૂંથતો રહ્યો**

# બાઢડાના શિક્ષકે સુરતમાં સગીરા સાથે દુષ્કર્મ આચરતા ફીટકાર

**સગીરા શિક્ષકથી કંટાળી સુરત ભણવા જતી રહી તો નરાધમ ત્યાં પહોંચી દુષ્કર્મ આચરતો**

અમરેલી,તા.૮

મૂળ અમરેલી જિલ્લાના સાવરકુંડલા તાલુકાના બાઢડા ગામના વતની અને હાલ કામરેજના પાસોદરા ખાતે મામાના ઘરે રહીને નોકરી કરતી સગીરા વર્ષ-૨૦૨૧માં પોતાના વતનમાં ધો.૧૦માં અભ્યાસ કરતી હતી. ત્યારે બાઢડા શાળામાં ગ્રાન્ટેડ શાળાના અંગ્રેજી વિષયના શિક્ષક તરીકે નોકરી કરતો વિપુલ નાનુ વસોયા મૂળ ગામ બાબાપુર તા.અમરેલીવાળો સગીરાને હેરાન કરતો હોવાથી સગીરાના મામાએ લંપટ શિક્ષકના ઘરે જઈને સગીરાને હેરાન ન કરવાનું કહેતાં લંપટ શિક્ષકે આ બધુ ચાલુ જ રહેશે તમારે મારા ઘરે કહેવા નહીં આવવાનું તેમ જણાવી દીધું હતું. સગીરાએ ધો.૧૧માં ગામની શાળામાં અભ્યાસ ચાલુ રાખતાં લંપટ શિક્ષકે તેને હેરાન કરવાનું ચાલુ રાખતાં સગીરાની માતાએ અભ્યાસ છોડાવી સુરત રહેતા ભાઈના ઘરે મોકલી આપી હતી. વર્ષ-૨૦૨૩માં સગીરાના નાનાનું મોત થતાં વતનમાં ગઈ હતી. ત્યારે સગીરાના ઘરની આસપાસ લંપટ શિક્ષક ફર્યા કરતો હતો. બાદ સગીરાના મામા સાથે ફરી પાસોદરા રહેવા માટે આવી ગઈ અને નજીકમાં નોકરી પર પણ લાગી ગઈ હતી. ત્રણ દિવસથી સગીરા ટેન્શનમાં રહેતી હોવાથી



મામાએ પૂછપરછ કરતાં તેણે સરખો જવાબ ના આપતાં મામાના મનમાં શંકા જતાં સગીરા જ્યાં નોકરી પર જતી હતી ત્યાં નોકરી છૂટવાના સમય પર સંબંધી સાથે ઊભા રહીને સગીરાને જોતાં તે આંટા માર્યા કરતો હતી. એ સમયે એક કાર આવતાં સગીરા કારમાં બેસવા જતાં સગીરાના મામાએ ગાડી ઊભી રાખી સગીરાને લઈ ઘરે આવી ગયા હતા. બાદમાં પૂછપરછ કરતાં લંપટ શિક્ષકે સગીરા ધો.૧૦માં અભ્યાસ કરતી હતી ત્યારે પરીક્ષામાં પાસ કરી દેવાનું કહીને તે ટ્યુશને જતી ત્યારે ઘરમાં બોલાવી શરીર સંબંધ બાંધ્યા હોવાનું જણાવ્યું હતું. જ્યારે મામા સાથે સુરત રહેવા જતી રહી ત્યારે સંપર્કમાં રહેવા માટે પણ જણાવ્યું હતું અને જો સંપર્કમાં ન રહે તો જોઈ લેવાની ધમકી પણ આપતાં સગીરા ગભરાઈ ગઈ હતી અને સુરતની હોટલમાં પણ સગીરા સાથે ત્રણથી ચાર વખત દુષ્કર્મ આચર્યુ હતું. આ વાત કરતાં સગીરાના મામાએ કામરેજ પોલીસ મથકમાં લંપટ શિક્ષક વિપુલ નનુ વસોયા સામે ફરિયાદ નોંધાવતાં પોલીસે લંપટ શિક્ષકની ધરપકડ પણ કરી હતી.

**શિક્ષકને સસ્પેન્ડ કરવાની કાર્યવાહી માટે ટ્રસ્ટને સૂચના અપાઈ છે : ડીઈઓ**

બાઢડાની ગ્રાન્ટેડ સ્કૂલનો લંપટ શિક્ષકને સગીરા સાથે દુષ્કર્મ આચરવાના કેસમાં કામરેજ પોલીસે ઝડપી લીધા બાદ જેલહવાલે કરવામાં આવ્યો છે. આ અંગે અમરેલી જિલ્લા શિક્ષણાધિકારીએ જણાવ્યું હતું કે, શિક્ષકને સસ્પેન્ડ કરવાની કાર્યવાહી શાળાના ટ્રસ્ટીમંડળે કરવાની હોય છે અને જો સસ્પેન્ડ કરવામાં નહી આવ્યો હોય તો તેને સસ્પેન્ડ કરવામાં આવે તેવી સૂચના આપવામાં આવશે. આમ, બાઢડાની શાળાના લંપટ શિક્ષકે ગુરૂ-શિષ્યાના સંબંધને લાંછન લગાડતા નરાધમ શિક્ષક સામે ફીટકાર વરસી રહ્યો છે.

**અંડરગ્રાઉન્ડ માર્ગ ન હોવાથી વાહનચાલકોને ભારે હાલાકી**

# રાજુલાના ડુંગર રોડ પર ફાટક છાશવારે બંધ રહેતું હોવાથી વાહનચાલકો ત્રસ્ત

અમરેલી,તા.૮

રાજુલાથી મહુવા-ભાવનગર જવાના ટૂંકા માર્ગ પર ગુડ્ઝ ટ્રેન વારંવાર પસાર થતી હોવાથી ૧૫થી વધુ વખત ફાટક બંધ થતું હોય વાહનચાલકોને ભારે મુસીબતનો સામનો કરવો પડી રહ્યો છે. જો કે ફાટક બંધ રહેતા ઘણીવાર દર્દીઓની હાલત પણ કફોડી બની જાય છે. રાજુલાથી એક કિમી દુર આવેલ ડુંગર રોડ પરનું ફાટક દિવસમાં ૨૫ વખત બંધ થતું હોય અહીથી પસાર થતા વાહન ચાલકોને હાડમારી વેઠવી પડી રહી છે. ત્યારે અહી અંડરબ્રીજ બનાવવા રજૂઆત કરવામાં આવી છે. રાજુલાથી માત્ર એક કિલોમીટર દુર આવેલ આ ફાટક પર દરરોજ પીપાવાવ પોર્ટની ૧૫ જેટલી ગુડઝ ટ્રેન દરરોજ આવન જાવન કરતી



હોવાથી રાજુલાથી જતા અને મહુવા ભાવનગર તરફથી આવતા લોકોને ફરજિયાત ૧૦ મિનિટ રેલવે ફાટક બંધ કરવાનો નિયમ હોવાથી ફરજિયાત ૧૦ મિનિટ ઉભું રહેવું પડતું હોય છે. ઈમર્જન્સીમાં ઘણી વખત તો ૧૦૮ એમ્બ્યુલન્સ પણ ઉભી રહેતી હોય છે. આમ આ રોડ રાજુલાથી ભાવનગર જવા માટે શોર્ટકટ હોવાથી મોટાભાગના વાહન ચાલકો રાજુલાથી મહુવા નાકા રોડ ઉપરથી મહુવા જતા હોવાથી માલગાડી ટ્રેન અવારનવાર આવનજાવન કરતી હોવાથી

**૧૦ મિનિટ ફાટક બંધ રહેતું હોય દર્દીઓની મુશ્કેલીમાં વધારો**

લોકોને મુશ્કેલી પડે છે. આ માર્ગ પર અંડરગ્રાઉન્ડ માર્ગ બનાવવા અનેકવાર રજૂઆત કરવામાં આવી છે પરંતુ કોઈ રજૂઆત ધ્યાને લેવામાં આવતી ન હોવાથી વાહનચાલકોમાં રોષ ફેલાયો છે.

**ડેન્ગ્યુ વિરોધી માસ અને વિશ્વ વસ્તી સપ્તાહની ઉજવણીના ભાગ રૂપે**

# ડેન્ગ્યુ અને કુટુંબ નિયોજન અંગે જાગૃતિ ફેલાવવા માટે માવજીંજવામાં શિબિરનું આયોજન



માવજી, તા.૮

પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર માવજીંજવા દ્વારા મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી, જિલ્લા મેલેરિયા અધિકારી અને તાલુકા હેલ્થ ઓફિસરના માર્ગદર્શન હેઠળ ડેન્ગ્યુ વિરોધી માસ અને વિશ્વ વસ્તી સપ્તાહની ઉજવણીના ભાગ રૂપે ગુરુ શિબિર જન જાગૃતિ અભિયાનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરમાં ડેન્ગ્યુ રોગથી બચવાના ઉપાયો અંગે ગ્રામજનોને જાગૃત કરવામાં આવ્યા હતા. તેમને મચ્છરોનાં ઈંડા નાશ કરવા, ખાડા-ખાબોચીયા માટીથી ભરી દેવા, મચ્છરદાનીનો ઉપયોગ કરવા અને પાણીનાં ભરેલાં વાસણો ઢાંકી દેવાનું શીખવવામાં આવ્યું હતું. આ ઉપરાંત, શિબિરમાં કુટુંબ નિયોજનની વિવિધ પદ્ધતિઓ વિશે પણ માહિતી આપવામાં આવી હતી. ગ્રામજનોને નાના પરિવારના ફાયદાઓ અને સરકાર દ્વારા આપવામાં આવતી સુવિધાઓ વિશે જણાવવામાં આવ્યું હતું. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે ડો. ધારાબેન કોરાટ (મેડિકલ ઓફિસર), સુપરવાઈઝર જી.એન. કુબાવત, એમ.પી.એચ.ડબલ્યુ. સાગઠીયાભાઈ, સીએમઓ તેજલબેન અને એફએચડબલ્યુ આશાબેન સહિત આશાવર્કરોએ ભારે જહેમત ઉઠાવી હતી.

**વિદ્યાર્થીઓને વાહકજન્ય રોગ વિશે માહિતગાર કરવામાં આવ્યા**

# અમરેલીના નાના માચીયાળા ગામે ડેન્ગ્યુ વિરોધી માસની ઉજવણી

અમરેલી,તા.૮

અમરેલી તાલુકાના નાના માચીયાળા ગામ ખાતે વાહકજન્ય રોગ જેવાં કે મેલેરિયા, ડેન્ગ્યુ અને ચિકનગુનિયા જેવાં રોગોનો ફેલાવો ન થાય તે માટે ડેન્ગ્યુ વિરોધી માસ અંતર્ગત જિલ્લા મેલેરિયા અધિકારી ડો. સિંગ, તાલુકા હેલ્થ ઓફિસર ડો. સિન્હા તથા પ્રા. આ. કેન્દ્ર શેડુભારના મેડિકલ ઓફિસર ડો. જે.ટી. બોરીચાની સૂચના અનુસાર ગામના ૭ જેટલાં



ઘરોની પાણીની ખુલ્લી ટાંકીઓમાં તથા ગામના અવેડામાં ગપ્પી માછલીઓ મૂકવામાં આવી હતી તેમજ હાઈસ્કૂલ તેમજ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને વાહકજન્ય રોગ વિષે માહિતગાર કરવામાં આવ્યા હતા. આ કામગીરીને સફળ બનાવવા સુપરવાઈઝર કિરીટભાઈ વનરા, હર્ષલભાઈ હડિયા તથા કેયુરભાઈનો સહયોગ મળેલ હતો.

# અમરેલીના શેડુભાર ગામે આવેલ એસબીઆઈનું એટીએમ બંધ હાલતમાં

અમરેલી, તા.૮

અમરેલીના શેડુભાર ગામે એસબીઆઈની બ્રાન્ચ આવેલી છે અને આ બેન્કમાં આજુબાજુના ગામોના લોકોના ખાતા પણ છે. જેમાં ખીજડીયા રાદડિયા, હરીપુરા, સુરગપુરા, મોટા માચીયાળા અને શેડુભાર સહિતના ગામલોકો અને ખેડૂત ખાતેદારો એકાઉન્ટ ધરાવે છે. બેન્કીંગ કામગીરી પણ સારી છે અને લોકોની સુવિધા માટે અહીં એટીએમ મશીન મુકવામાં આવેલ છે. પરંતુ આ મશીન ઘણા લાંબા સમયથી બંધ થઈ ગયેલ છે અને રકમ ઉપાડનાર લોકોની સંખ્યા મોટા પ્રમાણમાં હોય બેન્કમાં સમયનો વ્યય થાય છે. નાની રકમ ઉપાડવા માટે પણ બેન્કની લાંબી પ્રોસેસમાંથી પસાર થવુ પડે છે જેના કારણે ભારે હાલાકી પડી રહી છે.

તો આ બાબતે અમરેલી તાલુકા કોંગ્રેસ સમિતિના ઉપપ્રમુખ વિપુલ પોંકીયા દ્વારા શાખા મેનેજરને લેખિતમાં રજૂઆત કરવામાં આવી છે.

# સા.કુંડલામાં અષાઢી બીજના પવિત્ર દિવસે ગરીબો માટે ભોજન અને તાલપત્રીનું વિતરણ

સાવરકુંડલા, તા.૮

અષાઢી બીજના શુભ દિવસે, સાવરકુંડલામાં ગરીબો માટે ભોજન અને તાલપત્રીનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનું આયોજન "સબકા માલિક એક માનવસેવા ટ્રસ્ટ" દ્વારા કરવામાં આવ્યું હતું, જેના યજમાનપદે અમરેલી જિલ્લા ભાજપના ઉપાધ્યક્ષ સુરેશભાઈ પાનસુરીયા હતા. આ કાર્યક્રમ



દરમિયાન, ૩ ટન તાલપત્રીનું વિતરણ કરવામાં આવ્યું હતું, જેનો હેતુ ચોમાસાની ઋતુમાં ગરીબોને તેમના ઝૂંપડા માટે છાપરી બનાવવામાં મદદ કરવાનો હતો. આ સાથે જ ગરીબોને ભોજન પણ કરાવવામાં આવ્યું હતું. આ ભોજન સમારંભનું આયોજન અષાઢી બીજના પવિત્ર દિવસે હિંદુ-મુસ્લિમ એકતાનો સંદેશો ફેલાવવા માટે કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મા બાપનું ઘર વૃદ્ધાશ્રમના સંચાલક મનીષા દીદી, સતકેવલ આશ્રમના મહંત, ચોતરા હનુમાનજી આશ્રમના મહંત અને ઈરફાનભાઈ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

# લીલીયામાં ૬૦ જેટલી આશાવર્કર બહેનોએ વિવિધ માંગણીઓ મુદ્દે આવેદન પાઠવ્યું

અમરેલી,તા.૮

લીલીયા સહિત ગ્રામ્ય વિસ્તારમાં કામ કરતી ૬૦ જેટલી આશાવર્કર બહેનોએ તાલુકા હેલ્થ ઓફિસરને વિવિધ માંગણી સાથે આવેદન પાઠવી વિરોધ નોંધાવ્યો હતો. આશાવર્કર બહેનોએ આવેદનમાં જણાવ્યું હતું કે, આભાની મોટાભાગની કામગીરી આશાવર્કર બહેનો



પાસે કરાવવામાં આવે છે. વહેલી સવારથી ફિલ્ડમાં આધારકાર્ડના ફોટા લેવા, મોકલવા સહિતની કામગીરી પૂર્ણ કરાઈ હોવા છતાં આજદિન સુધી પેમેન્ટ મળ્યું નથી તે ચુકવવામાં આવે. પગાર ફિકસ કરવો સહિતની માંગણી રજૂ કરવામાં આવી હતી. આ તમામ માંગણીઓ ન સંતોષાય ત્યાં સુધી તમામ પ્રકારની કામગીરી બંધ કરી દેવામાં આવી હતી. આમ, આભાની કામગીરી સહિતના મુદ્દે આશાવર્કર બહેનોએ રોષભેર આવેદનપત્ર પાઠવ્યું હતું.

Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)
વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com




નવનીત ઓટો સેન્ટર
ગોપી સિનેમા પાસે, સ્ટેશન રોડ,
અમરેલી ફો.૭૫૭૭૪૮૨૭૩૦૦

મુકેશ સંઘાણી 94281 45595
New Number 97230 67130
હર્ષદ સંઘાણી 98242 33314
હાઈડ્રોલીક લીફટ નંગ - ૨ વેચવાની છે સંપર્ક કરો
અમારા માટે કોઈ કામ નાનું કે મોટું નથી
ઓલ મેજર એન્ડ માઈનોર રીપેર જોબ
ઓલ એકસીડેન્ટલ રીપેર જોબ • વ્હિલ એલાઈમેન્ટ- બેલેન્સીંગ
ઓલ મીકેનિકલ એન્ડ ઈલેકટ્રીકલ જોબ
સસ્પેન્શન ઓવરહોલીંગ • એસી જોબ • એન્જીન જોબ
હેડલાઈટ બાર્ફિંગ જોબ • ઈન્ટીરીયર વોશિંગ
વોશિંગ એન્ડ કલીનીંગ • ઈન્શાયુરન્સ પોલીસી
શું કામ તમે અમારી સર્વિસ પસંદ કરશો ?
વ્યાજબી ભાવ
શ્રેષ્ઠ ગ્રાહક સેવા
ગુણવતાયુકત કામ
પ્રોફેશનલ અને સ્કીલડ ટીમ
મુકેશ મોટર ગેરેજ Info.mmgamr.gmail.com
C/O પટેલ ગેરેજ, ચકકરગઢ રોડ, અમરેલી, મો. ૯૪૨૮૧ ૮૭૪૭૯

દારૂની બદીને નાથવા માટે પોલીસે કમર કસી, દારૂ વેચનાર અને બનાવનાર તેમજ પીધેલાઓ સામે પોલીસની કાર્યવાહી

# અમરેલી જિલ્લામાં દારૂડીયાઓ પર પોલીસની તવાઈ

**એક જ દિવસમાં દારૂના ૭૮ કેસ, આથાના ૨ અને ભઠ્ઠીના ૫ કેસ નોંધાયા**

અમરેલી,તા.૮

અમરેલી જિલ્લામાં છેલ્લાં ઘણા સમયથી દેશી-વિદેશી દારૂના દુષણે માઝા મૂકી હોય તેમ છડેચોક પાણીના પાઉચની જેમ દેશી દારૂ વેચાઈ રહ્યો હતો. લીલીયા મોટામાં ભાજપ આગેવાને રેઈડ કરી દારૂ વેચવા આવેલા શખ્સને ઝડપી પાડી પોલીસની આબરૂની લીરા ઉડાડયા હતા ત્યારે હવે પોલીસે આ બાબતને ગંભીરતાથી લઈ દારૂ વેચનારાઓ, બનાવનારાઓ અને પીનારાઓ સામે કડક કાર્યવાહી કરતા બુટલેગરોમાં ફફડાટ વ્યાપી ગયો છે. જિલ્લામાં દારૂ બાબતે હવે પોલીસે આળસ ખંખેરી છે. દારૂ સામે સામાન્ય કેસ કરનારી પોલીસે દારૂડીયાઓ સામે સપાટો બોલાવ્યો છે. અમરેલી જિલ્લા પોલીસ વડા હિમકરસિંહના માર્ગદર્શન નીચે પ્રોહિબિશન ડ્રાઈવ કરવામાં આવી હતી. જેમાં પોલીસ દ્વારા દારૂની પ્રવૃત્તિ કરતા ઈસમો સામે કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. પોલીસે છેલ્લાં ૨૪ કલાકમાં કુલ ૭૮ કેસ કરવામાં આવ્યા હતા.



જેમાં ભારતીય બનાવટના વિદેશી દારૂના બે કેસ કરવામાં આવ્યા હતા તથા દેશી દારૂના કબજાના બાવન કેસ તથા દારૂ બનાવવા માટેના આથાના બે કેસ અને દારૂની ભઠ્ઠીના પાંચ કેસ કરવામાં આવ્યા હતા. પોલીસે દારૂ પી જાહેરમાં છાકટા બની ફરનારાઓ સામે ૧૪ કેસ તથા દારૂ પી વાહન ચલાવનારાઓ સામે ૩ કેસ કરતા દારૂડીયાઓમાં ફફડાટ ફેલાયો હતો.

**૬૬ ઈસમો સામે કડક કાર્યવાહી**

અમરેલી જિલ્લા પોલીસ દ્વારા ડ્રાઈવ દરમિયાન દારૂનું સેવન, વેચાણ અને વહનની પ્રોહિબિશન પ્રવૃત્તિ કરતા કુલ ૬૬ ઈસમોને પકડી તેમની સામે ધોરણસરની કાર્યવાહી કરવામાં આવી હતી.

**પોલીસે દારૂનો મુદ્દામાલ જપ્ત કર્યો**

અમરેલી જિલ્લા પોલીસ દ્વારા સદરહું ડ્રાઈવ દરમિયાન વિદેશી દારૂની બોટલ નં. ૭, દેશી દારૂ લીટર ૪૯૬, દારૂ બનાવવાનો આથો લીટર ૪૩૦, તથા ભઠ્ઠીના સાધનો સાથે અન્ય મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

રેલવે સ્ટેશન પર થતી કામગીરીઓ અંગે જાણકારી મેળવી

## સાંસદ ભરત સુતરીયા અને ધારાસભ્ય કસવાલા સા.કુંડલા રેલવે સ્ટેશનની મુલાકાતે



સાવરકુંડલા,તા.૮

સાવરકુંડલામાં નવનિર્માણ પામતા અમૃત રેલવે સ્ટેશન ખાતે સાંસદ ભરતભાઈ સુતરીયા અને ધારાસભ્ય મહેશભાઈ કસવાલા કામગીરીની સમીક્ષા કરવા પહોચ્યા હતા અને રેલવે વિભાગના અધિકારીઓને રેલવેનું ગરનાળું બે ફૂટ પહોળું કરવા અને શ્રી લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિર અને સાવરકુંડલા એપીએમસી નજીકના રેલવે ફાટક પર ઓવરબ્રિજ આકાર પામે તે અંગે ખાસ સૂચનાઓ સાંસદ અને ધારાસભ્યએ રેલવે વિભાગના અધિકારીઓને આપી હતી અને અમૃત રેલવે સ્ટેશન ખાતે થતી હાલની કામગીરીઓ અંગે બારીકાઈથી નિરીક્ષણ સાથેની સમીક્ષા કરીને સાંસદ ભરતભાઈ સુતરીયા અને ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ અમરેલી જિલ્લામાં એકમાત્ર બનતા અમૃત રેલવે સ્ટેશન અંગે બહાર હોર્ડિંગ અને મુસાફરો માટેના મુસાફર કક્ષ સહિત આખા રેલવે સ્ટેશન પર થતી કામગીરીઓ અંગે જાણકારી મેળવી હતી અને જેસર રોડ જવા માટે રેલવે બ્રિજ નીચેના ગરનાળા બે ફૂટ પહોળા બને તે અંગેની ખાસ રજૂઆત કરવામાં આવી હતી. આ તકે રેલવેના અધિકારી ડી.એન.જોશી તથા રેલવેની ભાવનગરની ટીમ દ્વારા સાંસદ અને ધારાસભ્યને સન્માનિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે સાવરકુંડલા યાર્ડના ચેરમેન દીપકભાઈ માલાણી, સાવરકુંડલા શહેર ભાજપ પ્રમુખ પ્રવીણભાઈ સાવજ, મહામંત્રી વિજયસિંહ વાઘેલા, રાજુભાઈ નાગ્રેચા, અમરેલી જિલ્લા ભાજપ ઉપાધ્યક્ષ શરદભાઈ પંડ્યા, નગરપાલિકાના પ્રમુખ મેહુલભાઈ ત્રિવેદી, ઉપપ્રમુખ પ્રતિકભાઈ નાકરાણી, સાવરકુંડલા તાલુકા પંચાયતના પ્રમુખ જીતુભાઈ કાછડીયા, પાલિકાના પૂર્વ પ્રમુખ કેશુભાઈ વાઘેલા, નગરપાલિકાના ચેરમેન, સાવરકુંડલા યુવા પ્રમુખ હિતેશભાઈ, સાવરકુંડલા તાલુકા ભાજપ યુવા પ્રમુખ મહેશભાઈ ભાલાળા તથા અગ્રણી આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

**રેલવેના અધિકારી ડી.એન.જોશી તથા રેલવેની ભાવનગરની ટીમ દ્વારા સાંસદ અને ધારાસભ્યને સન્માનિત કરવામાં આવ્યા**

વિશ્વ હિન્દુ પરિષદની રજૂઆત બાદ કાર્યવાહી થઈ

## રાજુલામાં મુખ્ય રોડ પરથી ગેરકાયદેસર લારીઓ દૂર કરાઈ

રાજુલા, તા.૮

રાજુલા શહેરના મુખ્ય રોડ પર ગેરકાયદેસર રીતે મૂકવામાં આવેલી માંસ, મટન અને ઈંડાની લારીઓ દૂર કરવામાં આવી છે. વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા સંકલન સમિતિમાં રજૂઆત કરવામાં આવ્યા બાદ આ કાર્યવાહી કરવામાં આવી હતી. રાજુલા પ્રાંત કચેરી ખાતે યોજાયેલી સંકલન સમિતિની બેઠકમાં વિશ્વ હિન્દુ પરિષદના પ્રતિનિધિઓએ મુખ્ય રોડ પર ગેરકાયદેસર રીતે મૂકવામાં આવેલી લારીઓને લઈને ફરિયાદ કરી હતી. આ ફરિયાદને ધ્યાનમાં લઈને રાજુલાના મામલતદાર અને ચીફ ઓફિસર દ્વારા તાત્કાલિક નગરપાલિકા ટીમને આદેશ આપવામાં આવ્યો હતો. આજે સવારે નગરપાલિકાની



તસવીર : ગોપાલ રાઠોડ

ટીમે પોલીસ બંદોબસ્ત સાથે રાજુલા એસટી બસ સ્ટેન્ડ અને રેલવે સ્ટેશન પાસેના મુખ્ય રોડ પરથી ગેરકાયદેસર રીતે મૂકવામાં આવેલી તમામ લારીઓ દૂર કરી હતી. આ કામગીરીમાં નગરપાલિકાના કર્મચારીઓ કરશનદાસ ગોંડલીયા, મહેશભાઈ ખુમાણ, ઉગાભાઈ ધાખડા અને ઈમરાનભાઈ તેમજ રાજુલા પોલીસ સ્ટાફના જયરાજભાઈ વાળા, રાણાભાઈ અને શૈલેષગીરી હાજર રહ્યા હતા. આગળ જતાં આ રસ્તા પર ફરીથી કોઈ લારી ન મૂકે તે માટે નગરપાલિકા દ્વારા ચાંપતી નજર રાખવામાં આવશે. જો કોઈ દ્વારા ફરીથી ગેરકાયદેસર રીતે લારી મૂકવામાં આવશે તો પાલિકા દ્વારા કડક કાર્યવાહી કરવામાં આવશે.

**વિશ્વ હિન્દુ પરિષદના પ્રતિનિધિઓએ મુખ્ય રોડ પર ગેરકાયદેસર રીતે મૂકવામાં આવેલી લારીઓને લઈને ફરિયાદ કરી હતી**

છેલ્લા 33 વર્ષથી શિક્ષણ-સામાજિક સેવા ક્ષેત્રમાં અગ્રણી

## મોંઘીબા મહિલા આર્ટ્સ કોલેજનું બી.એ. સેમ. ૪નું ઉજ્જવળ પરિણામ

**કુલ ૧૨૮ વિદ્યાર્થિનીઓમાંથી ૧૦૮ વિદ્યાર્થિનીઓએ પ્રથમ શ્રેણી અને ડિસ્ટિંક્શન મેળવી શાનદાર દેખાવ કર્યો**

અમરેલી,તા.૮

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા આયોજિત બી.એ. સેમ. ૪ની પરીક્ષામાં મોંઘીબા મહિલા આર્ટ્સ કોલેજની વિદ્યાર્થિનીઓએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરીને સંસ્થાનું ગૌરવ વધાર્યું છે. જેમાં પ્રથમ ક્રમ- માળવી માનસી દિનેશભાઈ (ગામ શેડુભાર) - ૮૧.૮૨% (મુખ્ય સમાજશાસ્ત્ર), દ્વિતીય ક્રમઃ નિમાવત ગાયત્રી દિલીપભાઈ (ગામ કીડી) - ૭૯.૧૩% (મુખ્ય સંસ્કૃત), તૃતીય ક્રમઃ ડબાવાલા મુસ્કાન નાસીરભાઈ (ગામ



અમરેલી) - ૭૮.૫૦% (મુખ્ય સમાજશાસ્ત્ર) મેળવ્યા છે.

આ ઉપરાંત, કુલ ૧૨૮ વિદ્યાર્થિનીઓમાંથી ૧૦૮ વિદ્યાર્થિનીઓએ પ્રથમ શ્રેણી અને ડિસ્ટિંકશન મેળવીને સંસ્થામાં શાનદાર દેખાવ કર્યો છે. અમરેલી જિલ્લા વિદ્યાસભાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રી કિશોરભાઈ મહેતા, મનસુખભાઈ ધાનાણી, ચતુરભાઈ ખૂંટ, કેમ્પસ ડાયરેક્ટર વી.એલ. પેથાણી, ઈન્ચાર્જ આચાર્ય ડૉ. બી.આર. ચુડાસમા અને સમગ્ર સ્ટાફ પરિવાર દ્વારા ઉત્તીર્ણ થનાર તમામ વિદ્યાર્થિનીઓ અને ખાસ કરીને પ્રથમ ત્રણ ક્રમ મેળવનાર વિદ્યાર્થિનીઓને હાર્દિક અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવવામાં આવી છે.

## રાજુલામાં લૂંટ કરનાર આરોપીને ઝડપી પાડતી પોલીસ

અમરેલી,તા.૮

રાજુલામાં થોડા દિવસ પહેલા એગ્રોની દુકાન ધરાવતા વેપારીને ગાળો આપી મોટરસાયકલમાં રૂા.૧૦૦૦નું નુકસાન કરી રૂા.૩૦૦૦ની લૂંટ કરી નાસી જનાર શખ્સને અમરેલી એલસીબી પોલીસે ઝડપી પાડયો હતો. આરોપી મેહુલ ઉર્ફે દુડી મથુર વાઘેલા રહે.લોઠપુર તા.જાફરાબાદવાળા સામે જુદા-જુદા પોલીસ સ્ટેશનમાં ૨૮ ગુના નોધાયેલા હોવાનું સામે આવ્યું છે.

## ગમાપીપળીયામાં રામાપીરના મંદિરે અષાઢી બીજ નિમિત્તે ધાર્મિક કાર્યક્રમનું આયોજન

**ગામના પરંપરાગત રીતિ-રિવાજ મુજબ, ગામના તમામ દેવસ્થાનોમાં શ્રીફળ અને ધજા ચડાવવામાં આવ્યા**

બાબરા,તા.૮

બાબરા તાલુકાના ગમાપીપળીયા ગામમાં આવેલા રામાપીરના મંદિરે આજે અષાઢી બીજ નિમિત્તે ભવ્ય ધાર્મિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. સવારે ૭ વાગ્યે રામાપીરનો પાઠ અને ધજા ચડાવવામાં આવી હતી. બપોરે ૪ વાગ્યે બાળકોને બટુક ભોજન કરાવવામાં આવ્યું હતું. ગામના પરંપરાગત રીતિ-રિવાજ મુજબ, ગામના તમામ દેવસ્થાનોમાં શ્રીફળ અને ધજા ચડાવવામાં આવ્યા હતા. લાડવા બનાવીને આખા ગામમાં કૂતરાઓને ફૂલ-પેટ ખવડાવવામાં આવ્યા હતા. સાંજે ૭ વાગ્યે રામાપીરના મંદિરે આરતીનો લાભ લેવા માટે ગામના ભાઈ-બહેનો, બાળકો અને ભાવિક ભક્તો મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા. આ પ્રસંગે રામાપીરની દેગ, ખોડીયાર માતાજીની લાપસી અને રાધે-કૃષ્ણની સુખડીનો પ્રસાદ ધરાવવામાં આવ્યો હતો. આ મંદિરનું સંચાલન સમસ્ત ગામ અને બાબા રામદેવ રામામંડળ દ્વારા કરવામાં આવે છે.



**જાહેર નોટીસ**

ફો.પ.અ.નં. ૧૩૮ /૨૦૨૪

**મે.લાઠીના નાયબ કલેકટર પ્રાત સાહેબની કોર્ટમાં મુ.લાઠી**

**અરજદાર તર્ફે વિ.વ.શ્રી જી.સી. કોટડીયા રહે, લાઠી**

અરજદાર...: **મકાણી ગુણવંતભાઈ બાલુભાઈ ઉ.વ. ૪૭, ધંધો મજુરીકામ ધર્મે હિન્દુ/ પટેલ રહે.લુવારીયા, તા. લાઠી**

**વિરૂધ્ધ**

સામાવાળા... : **જન્મ મરણ નોંધણી અધિકારી ત.ક.મ.લુવારીયા,ગ્રામ પંચાયત કચેરી**

**// જાહેર નોટીસ //**

(જન્મ નોધના દાખલા માટે)

આથી તમામ લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ઉપરોક્ત અરજદાર લાઠી તાલુકાના લુવારીયા ગામના રહેવાસી છે.અને અરજદાર પોતે **મકાણી ગુણવંતભાઈ બાલુભાઈ**ની જન્મ નોંધ કરાવવા માટે અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. અરજદાર પોતે **મકાણી ગુણવંતભાઈ બાલુભાઈ** નો જન્મ જે તે સમયે અમારા નિવાસ સ્થાન લુવારીયા, તા.લાઠી, જી. અમરેલી મુકામે જન્મ તારીખ-**૦૧/૬/૧૯૭૪ના** રોજ થયેલ છે.જે તે સમયે તેમની જન્મ નોંધણી કરાવેલ ન હોય જેથી આ જન્મ નોંધણી કરાવવા માટે આ અરજી કરેલ છે. આ અરજી સામે કોઈને વાંધો/ તકરાર કે હરકત હોય તેમણે જાતે અથવા મુખ્ત્યાર મારફત અથવા વકીલ મારફત હાજર અત્રેની કોર્ટમા મુદત તારીખ ૫/૮/૨૦૨૪ના રોજ અત્રેની કોર્ટ લાઠી તાલુકા મેજીસ્ટ્રેટ સાહેબની કચેરી ખાતે બપોરના ૩ કલાકે ઉપસ્થિત રહેવું તેમ કરવામાં કસુર થયે આગળની યોગ્ય તે ન્યાયીક કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેશો.

**સ્થળઃ- લાઠી.**
**તારીખઃ- 3/૭/૨૦૨૪**

**શીરીસ્તેદાર ઓફ લાઠી પ્રાંત કચેરી**

**અવસાન નોંધ**

**અમરેલી**

રાણસિકી નિવાસી હાલ અમરેલી સૌરાષ્ટ્ર બાજખેડાવાળ બ્રાહ્મણ ગં.સ્વ. મંજુલાબેન રમણીકભાઈ દવે તા. ૦૭-૦૭-૨૦૨૪ ને રવિવારના રોજ કૈલાશવાસી થયેલ છે. તે નયભાઈ દવે તથા છાયાબેન જીગ્રેશભાઈ મહેતાના માતૃશ્રી થાય છે. તેમનું બેસણુ તા.૧૧-૭-૨૦૨૪ ગુરૂવારના રોજ ખેડાવાળ બ્રાહ્મણ બોર્ડીંગ ખાતે સાંજે ૪ થી ૬ કલાકે રાખેલ છે.


KAKA® PVC PROFILE

શ્રેષ્ઠ ક્યારેય સસ્તુ ન હોય, સસ્તુ ક્યારેય શ્રેષ્ઠ ન હોય.

નિર્મળ સાવલીયા ૯૮૭૯૬ ૬૭૭૭૧

સંજય સાવલીયા ૯૯૭૯૯ ૪૨૪૪૨

શ્રી વલ્લભ એન્ટરપ્રાઈઝ

કિચેન કેબિનેટ | માળીયા | ટી.વી. કેબિનેટ


વોલ પેનેલિંગ | સીલીંગ | પી.વી.સી. દરવાજા

ફાયદા : ઉધઈ પ્રુફ, પાણીનો કોઈ અસર નહિ

પીવીસી પતરા ઓર્ડર પ્રમાણે મળશે

ઓછા સમયમાં અસરકારક પ્રતિસાદ આધુનિક યુગનું એક આધુનિક પગલું

૪૬ સરદાર શોપિંગ સેન્ટર, જિલ્લા પંચાયત રોડ, અમરેલી




વી. કે. મોટર્સ

VK MOTORS Giving you joy of Best Ride...

MARUTI SUZUKI | HONDA | TOYOTA | Ford | HYUNDAI

CAR SERVICE <> SPARE <> INSURANCE

તમામ પ્રકારની ગાડીનું રીપેરીંગ તેમજ કલેમ ઈન્સ્યોરન્સમાં રીપેરીંગ કરી આપવામાં આવશે. ઈન્સ્યોરન્સ કેશલેસ સુવિધા

તમામ પ્રકારના ઈન્સ્યોરન્સનું કામ કરી આપવામાં આવશે.

વિપુલ કાનપરીયા + ૯૧ ૯૯૨૪૨ ૫૭૯૮૧

લાઠી રોડ, બાયપાસ ચોકડી, યામાહા શો રૂમ સામે, અમરેલી.

e_mail : kanpariyavipul4025@gmail.com

# જાફરાબાદના વાંઢ ગામમાં નવીપ્રાથમિકશાળાનુંલોકાર્પણ

**લોકાર્પણ ધારાસભ્ય હીરાભાઈ સોલંકીના હસ્તે કરવામાં આવ્યું**


તસવીર : ગોપાલ રાઠોડ

જાફરાબાદ, તા.૮

જાફરાબાદના વાંઢ ગામે નવી પ્રાથમિક શાળાનું લોકાર્પણ ધારાસભ્ય હીરાભાઈ સોલંકીના હસ્તે શુક્રવારે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ધારાસભ્ય સોલંકીએ ગુજરાત સરકાર દ્વારા શિક્ષણ ક્ષેત્રે કરવામાં આવી રહેલા વિકાસકામોની પ્રશંસા કરી હતી. આ કાર્યક્રમમાં તાલુકા પંચાયત પ્રમુખ બાલાભાઈ કોટડીયા, જિલ્લા પંચાયત કારોબારી ચેરમેન કરશનભાઈ ભીલ, અનિરુદ્ધભાઈ વાળા, દીનેશદાદા ત્રિવેદી, કરશનભાઈ પરમાર, તાલુકા વિકાસ અધિકારી સોનાગરા, હિમ્મતભાઈ સોલંકી, ભીમભાઈ વરુ, કનુભાઈ વરુ, દિપુભાઈ ધૂંધળવા, કનુભાઈ ધૂંધળવા, વહાભાઈ પરમાર, મેહુલભાઈ સોલંકી, બાબુભાઈ ગુજરીયા, દિનેશભાઈ કોટિલા, કિશોરભાઈ સોલંકી, સુરેશભાઈ મહિડા, સંજયભાઈ સોલંકી સહિતના અધિકારીઓ, પદાધિકારીઓ, ગ્રામજનો અને આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# ગોપાલ લાલની હવેલીમાં ભગવાન જગન્નાથની મહાઆરતી યોજાઈ

અમરેલી, તા.૮



અષાઢી બીજના પાવન પર્વ નિમિત્તે બીનાકા ચોકની સામે આવેલી ગોપાલ લાલજીની હવેલીમાં ભગવાન જગન્નાથની મહા આરતીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ જિલ્લા અધ્યક્ષ સુરેશભાઈ સોલંકી, રાષ્ટ્રીય બજરંગ દળ જિલ્લા અધ્યક્ષ દિલીપભાઈ બામટા, જિલ્લા કાર્યકારી અધ્યક્ષ મજબૂત સિંહ બસીયા, સંજયભાઈ પોપટ, રાષ્ટ્રીય મહિલા અધ્યક્ષ ડિમ્પલબેન પોપટ, રાષ્ટ્રીય મહિલા ઓજસ્વી અધ્યક્ષ નિરાલીબેન વ્યાસ તેમજ વિશ્વ હિન્દુ પરિષદ જિલ્લા અધ્યક્ષ હિતેશભાઈ મહેતા, પ્રતાપભાઈ રાજપુત અને સમાજસેવક એવા પેઈન્ટર ડી.જે. મહેતા, પાર્થિવભાઈ જોશી, વસંતભાઈ આચાર્ય, દેવાંગભાઈ આચાર્ય તેમજ આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ જિલ્લા ધર્મચાર્ય અધ્યક્ષ નિલેશભાઈ સોલંકી સહિત બહોળી સંખ્યામાં ભક્તજનો અને હિન્દુ ભાઈઓ બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

# રાજુલામાં ચેક બાઉન્સ કરી કેસ કરશે તેવી ધમકી આપતા યુવકે ફિનાઈલ પીધું

રાજુલા, તા.૮

રાજુલામાં રહેતા જાવેદભાઈ નજીરભાઈ પઠાણ (ઉ.વ.૨૭)એ જાહેર કર્યા મુજબ, તેમને સૈફુદીનભાઈ તજાભાઈ કપાસી રહે. મહુવા વાળાને ધંધાના હિસાબના રૂા.૨૧,૩૨,૭૫૬ આપવાના હતા. જેના બદલામાં સેફુદીનભાઈએ ગઈ તા.૦૬/૦૭/૨૪ ના રોજ ભોગબનનાર પાસેથી સિકયુરીટી પેટે નવ કોરા ચેક અને લખાણ લીધું હતું કે પૈસા ન આપે તો ચેક બાઉન્સ કરી કેસ કરશે. જેથી તેમને કેસ થવાની બીક લાગતા ફિનાઈલની બોટલમાંથી ફિનાઈલ પી જતા સારવારમાં દાખલ કર્યા હતા. રાજુલા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ આર.કે.વરૂ વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલીમાંસરકારીમિલ્કતનેઆગ લગાડી નાસી જનાર ઈસમ ઝડપાયો

અમરેલી, તા.૮

બે દિવસ પહેલા રાત્રીના સમયે અમરેલી સિટી પોલીસ સ્ટેશનની બહારપરા વિસ્તારમાં આવેલી બહારપરા પોલીસ ચોકી (સરકારી મિલ્કત)ને એક ઈસમ દ્વારા જાણી જોઈને સળગાવી દેવાના ઈરાદાથી પ્લાસ્ટિકની બોટલમાં પેટ્રોલ જેવું જ્વલનશીલ પ્રવાહી ભરીને લઈ આવી ચોકીની લોબીની ગ્રીલમાં લગાવેલ કાપડ પર તથા પગ લુછણીયા પર છાંટી બાકસની દિવાસળી વડે ચોકીમાં આગ લગાડી બહારપરા પોલીસ ચોકીની સરકારી મિલ્કતમાં નુકસાન કરી નાસી જઈ ગુનો આચર્યો હતો. જે અન્વયે અમરેલી સિટી પોલીસ ઈન્સ્પેક્ટર એ.એમ.પરમારની રાહબરી હેઠળ અમરેલી સીટી પોલીસ ટીમ દ્વારા બનાવ અનુસંધાને અમરેલી સીટી પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલિંગ રાખી ચોક્કસ બાતમી મેળવી મયંક જગદીશભાઈ મહેતા (ઉ.વ.૨૮)ને ઝડપી પાડ્યો હતો.

**પાકિસ્તાનથી બોલે છે કહી પોલીસને ગેરમાર્ગે દોર્યા હતા**

આરોપી સામે દાહોદ, ભાવનગર વગેરે સ્થળોએ ગુનાઓ નોંધાયેલા છે. જેમાં બળાત્કાર, અપહરણ તથા રાજ્ય સેવકને ફોન કરી પોતે પાકિસ્તાનથી બોલે છે તથા ઘોઘા સર્કલ તથા ભાવનગર શહેરમાં જુદી-જુદી જગ્યાએ બોમ્બ પ્લાન્ટ કર્યા છે તેવી ખોટી હકિકત જણાવી પોલીસને ગેરમાર્ગે દોર્યા હતા.

# શેડુભાર ગામે ઝેરી જંતુ કરડી જતાં સારવારમાં મહિલાનું મોત

અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના એએસઆઈ જે.કે.વાળા વધુ તપાસ કરી રહ્યા છે

અમરેલી, તા.૮

અમરેલીના શેડુભાર ગામે એક મહિલાને ઝેરી જંતુ કરડી જતાં ઝેરી અસર થવાથી સારવારમાં મોત થયું હતું. બનાવ અંગે સુનિલભાઈ દેવરાજભાઈ કરડ (ઉ.વ.૩૩)એ જાહેર કર્યા મુજબ, મુક્તાબેન રાણાભાઈ કરડ (ઉ.વ.૭૦) તેમના ઘરે ઓફિસમાં દરવાજે બેઠા હતા તે સમયે ઝેરી જનાવર મરણજનારના ડાબા હાથની પહેલી આંગળીએ કરડી જતા ઝેરી અસર થતા અમરેલી સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમિયાન મરણ પામ્યા હતા. અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના એએસઆઈ જે.કે.વાળા વધુ તપાસ કરી રહ્યા છે.

# સાવરકુંડલામાં પુત્રીને જમવા બાબતે ઠપકો આપતાં ફિનાઈલ પીધું

સાવરકુંડલા, તા.૮

સાવરકુંડલામાં રહેતી એક યુવતીને તેની માતાએ સમયસર જમવા મુદ્દે ઠપકો આપતાં લાગી આવ્યું હતું અને ફિનાઈલની ગોળી પી લીધી હતી. બનાવ અંગે ભીખાભાઈ ગોરધનભાઈ ભીલ (ઉ.વ.૩૯)એ જાહેર કર્યા મુજબ, તેમની પુત્રી સમયસર જમતી ન હોવાથી તેમની માતાએ ઠપકો આપ્યો હતો. જેથી લાગી આવતાં બાથરૂમમાં પડેલી ફિનાઈલની એક ગોળી પી લેતા સારવારમાં ખસેડવામાં આવી હતી. દાતરડી ગામે એક પરિણીતાએ ભૂલથી દવા વાળા ગ્લાસમાં પાણી પીતા ઉલટી ઉબકા થવા લાગતા તેને સારવાર અર્થે લઈ જવાઈ હતી.

# જામકાગામેલગ્નનાસવાબેમહિનામાં જપરિણીતાએગળાફાંસોખાતાચકચાર

પાંચ દિવસ પહેલા જ સુરતથી આવ્યા હતા

ખાંભા, તા.૮

ખાંભાના જામકા ગામે એક ચોંકાવનારી ઘટના બની હતી. સવા બે મહિના પહેલા લગ્ન થયેલી અને પાંચ દિવસ પહેલા જ સુરતથી આવેલી પરિણીતાએ ગળાફાંસો ખાઈ જીવન ટૂંકાવતાં ચકચાર મચી ગઈ હતી.

આ અંગે કિશોરભાઈ કાળુભાઈ સોંધરવા (ઉ.વ.૨૩)એ જાહેર કર્યા મુજબ, સવા બે મહિના પહેલા દેવલતાબેન (ઉ.વ.૨૩) સાથે તેમના લગ્ન થયા હતા. પાંચ દિવસ પહેલા તેઓ સુરત શહેરથી ગામડે રહેવા આવ્યા હતા. પત્નીએ તેમની પાસે પૈસા માંગતા રૂપિયા ન હોવાનું જણાવ્યું હતું, જેથી આવેશમાં આવી પોતાના ઘરે સ્લેબવાળા રૂમમાં લોખંડના હુક સાથે સાડી વડે ગળાફાંસો ખાઈ લેતા મરણ પામી હતી.

સાવરકુંડલા વિભાગના મદદનીશ પોલીસ અધિક્ષક વલય વૈદ્ય વધુ તપાસ કરી રહ્યા છે.

# દામનગરબસસ્ટેશનમાંપેસેન્જરોની સલામતીમાટેક્યારેરેલિંગફિટકરાશે?

દામનગર, તા.૮



દામનગરમાં નવું બસ સ્ટેશન બન્યાને છ વર્ષ જેટલો સમય થયો છે. અમરેલીના આ શહેરથી બે જિલ્લાની સરહદ નજીક છે. અંદાજે રૂ.૯૦ લાખના ખર્ચે બનાવાયેલ આ બસ સ્ટેશનમાં આવતા પેસેન્જરોની સલામતી માટે દરવાજાથી લઈને અંદર ફરતે કે જે ઊંચાઈ ઉપરના પ્લેટફોર્મ ફરતે રેલીંગ ફીટ કરવાની ખાસ જરૂર છે. અમરેલી વિભાગીય નિયામક દ્વારા આ પ્રશ્નને ધ્યાનમાં લઈ તાકીદે યોગ્ય કાર્યવાહી કરવામાં આવે એવી પેસેન્જર વર્ગમાંથી માંગ ઉઠવા પામી છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૦, તિથિ: ત્રીજ
તા. ૦૯-૦૬-૨૦૨૪, મંગળવાર, સૂર્યોદય-૦૫:૩૦, સૂર્યાસ્ત-૦૭:૨૨, જૈન નવકારશી-૮-૧૦, નક્ષત્ર: આશ્લેષા

## દૈનિક રાશિફળ

તા.૦૯-૦૬-૨૦૨૪ મંગળવાર

મેષ: જો તમે આજે તમારી આર્થિક સ્થિતિ જોશો તો તમારો આજનો દિવસ ખૂબ જ મજબૂત છે. દિવસભર લાભની તકો રહેશે. તો પ્રયત્ન કરતા રહો.

વૃષભ: આજે એકંદરે દિવસ અનુકૂળ રહેશે. આજે કામના સંબંધમાં તમારી વ્યસ્તતા પણ વધારે રહેશે, જેના કારણે તમે માનસિક તણાવ અનુભવશો.

મિથુન: વેપારમાં જોખમ લેવાનું પરિણામ આજે લાભદાયી રહેશે. ધીરજ અને તમારા નરમ વર્તનથી સમસ્યાઓ સુધારી શકાય છે.

કર્ક: આજે વ્યવસાયમાં તમારી આવક સામાન્ય કરતા સારી રહેશે. તમે કોઈપણ મંદિર અથવા ધાર્મિક સ્થળની મુલાકાત લઈ શકો છો.

સિંહ: આજનો દિવસ સામાન્ય છે. ભાગીદારીમાં કરવામાં આવેલો ધંધો મોટો લાભ લાવશે. આજે રોજિંદા ઘરનાં કામો પતાવવાની સુવર્ણ તક છે.

કન્યા: આજે મેનેજમેન્ટમાં તમારો પ્રભાવ વધશે. તમારી સર્જનાત્મકતા ખીલશે. તમે આજે એવા કેટલાક કામ કરી શકો છો જે તમને ખૂબ ગમશે.

તુલા: આજનો દિવસ મિશ્રિત રહેશે. સ્વાસ્થ્ય પ્રત્યે બેદરકાર રહેવાનું ટાળો. જો તમે કોઈ સફર પર જઈ રહ્યા છો તો તમારા સ્વાસ્થ્યનું ધ્યાન રાખો.

વૃશ્ચિક: આજનો દિવસ ખૂબ જ વ્યસ્ત રહેશે. પણ સૂર્યદેવની પૂજા કરો, તે તમને મદદ કરશે. ફક્ત તમારા વિરોધીઓ પરેશાન થશે.

ધન: આજે પરસ્પર વાટાઘાટોમાં સાવધાની રાખવી. તમારી આસપાસના લોકો સાથે સંઘર્ષ ના થાય તેની કાળજી લો. કોઈ સારા કામની વાત થઈ શકે છે.

મકર: આજે સર્જનાત્મક બનશો. તમે ગમે તે કામ જોશથી કરો, આજે તમને તેમાં પૂર્ણ સફળતા મળશે. તમારા અધૂરા કામ પૂરા થશે.

કુંભ: આજનો દિવસ તમારા માટે લાભદાયક છે. કેટલાક નવા પ્રોજેક્ટ પણ શરૂ થઈ શકે છે. આજે કાર્યમાં પરિવર્તનનો યોગ થઈ રહ્યો છે.

મીન: આજનો દિવસ સાવધાની અને તકેદારીથી ભરેલો છે. જો તમે વ્યવસાયની બાબતમાં થોડું જોખમ લેશો તો મોટો નફો થવાની સંભાવના છે.

# મોલડીગામેજૂનામનદુ:ખમાં પ્રૌઢને માથામાં કુહાડી મારી

જાનથી મારવાની ધમકી પણ આપી

સાવરકુંડલા, તા.૮

સાવરકુંડલાના મોલડી ગામે જૂના મનદુ:ખમાં પ્રૌઢ પર કુહાડીથી હુમલો કરવામાં આવ્યો હતો. ઉપરાંત ગાળો બોલીને જાનથી મારવાની ધમકી આપી હતી. બનાવ અંગે જોરૂભાઈ ઘોહાભાઈ ખુમાણ (ઉ.વ.૭૦)એ તેમના જ ગામના શીવરાજભાઈ હનુભાઈ ખુમાણ, મુન્નાભાઈ ઉર્ફે ખોડુભાઈ હનુભાઈ ખુમાણ, હનુભાઈ ગભાભાઈ ખુમાણ, મહેશભાઈ ધીરૂભાઈ ખુમાણ તથા નાગરાજભાઈ ખોડુભાઈ ખુમાણ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમના ભાઈ બાબાભાઈના પ્લોટમાં એરટેલ કંપનીનો ટાવર નાખવાનો મંજૂર થયો હતો. પરંતુ આ ટાવર મુન્નાભાઈ ખુમાણને તેમના પ્લોટમાં નંખાવવો હોવાથી આ બાબતે આરોપીઓએ તેમની સાથે અગાઉ બોલાચાલી કરી હતી જે બાબતનું મનદુ:ખ રાખી આરોપીઓએ એકસંપ કરી પોતાનો સમાન ઈરાદો પાર પાડવા સારૂ કુહાડી, લાકડી તથા લોખંડનો પાઈપ જેવા હથિયારો ધારણ કરી સાહેદ જયદીપભાઈ તથા તેના મોટાબાપુ બાબાભાઈ બાઈક લઈને સાવરકુંડલા જવા નીકળતા હતા તે દરમિયાન આરોપીઓએ ગેરકાયદે મંડળી રચી હથિયારો વડે માર મારી, તેમને માથામાં કુહાડી વડે ઈજા કરતા ચાર ટાંકા આવ્યા હતા. તેમજ શરીરે મુઢ ઈજાઓ કરી, ગાળો બોલીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

# દેશી દારૂની ૫ ભઠ્ઠી પર પોલીસ ત્રાટકી

અમરેલી, તા.૮

અમરેલી જિલ્લામાં પોલીસ દેશી દારૂ બનાવતી ૫ ભઠ્ઠી પર ત્રાટકી હતી. જેમાં દામનગર, લાઠી, સરકારી પીપળવા, અમરેલી, કરમદડી ગામેથી દેશી દારૂ બનાવતી ભઠ્ઠી ઝડપાઈ હતી. ખેરા ગામેથી દેશી દારૂ બનાવવાનો ૧૦૦ લીટર આથો અને દેશી દારૂ ૧૫ લીટર તથા વડ ગામે વાડી વિસ્તારમાંથી દેશી દારૂ બનાવવાનો ૩૦૦ લીટર આથો તથા ૧૫ લીટર દેશી દારૂ જપ્ત કર્યો હતો. જિલ્લામાં વિવિધ સ્થળેથી ૧૦ ઈસમો દેશી દારૂ પીને ફરતા મળી આવ્યા હતા.

# ડાંગાવદર ગામેથી યુવક ઘરેથી ચાલી નીકળ્યો

ધારી, તા.૮

ડાંગાવદર ગામે રહેતો એક યુવક ઘરેથી ચાલી નીકળ્યો હતો. ઘણી શોધખોળ કરવા છતાં કોઈ ભાળ ન મળતાં પોલીસને જાણ કરી હતી. લાભુબેન રામજીભાઈ ચાવડા (ઉ.વ.૫૦)એ જાહેર કર્યા મુજબ, તેમનો પુત્ર સંજયભાઈ રામજીભાઈ ચાવડા (ઉ.વ.૨૮) ઘરેથી કોઈને કહ્યા વગર ક્યાંક જતો રહ્યો હતો. ધારી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ મનુભાઈ માંગાણી વધુ તપાસ કરી રહ્યા છે.

# તાલાળી ગામે ખેતરના શેઢે થાંભલા નાખવા બાબતે ડખો કરી યુવકને માર માર્યો

**ફરિયાદ કરશો તો જાનથી મારી નાખીશ કહ્યું**

વડીયા, તા.૮

વડીયાના તાલાળી ગામે એક ખેડૂત તેના ખેતરના શેઢે તાર ફેન્સિંગ માટે થાંભલા ખોડવા ખાડો ખોદવાનું કામ કરતા હતા ત્યારે તેમને ખાડો કરવાની ના પાડીને મુંઢમાર માર્યો હતો. ઉપરાંત જો પોલીસ ફરિયાદ કરશો તો જાનથી મારી નાખીશ તેવી ધમકી આપી હતી. બનાવ અંગે હિંમતભાઈ મનજીભાઈ દોંગા (ઉ.વ.૫૬)એ તેમના ગામના શૈલેષભાઈ છગનભાઈ દોંગા, બગસરાના હામાપુર ગામના ભાવેશ ઉર્ફે હિરેનભાઈ બાબરીયા તથા અન્ય બે ઈસમો સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેઓ તેમની ખેતીના જમીનના શેઢે તાર ફેન્સિંગના થાંભલા માટે ખાડા ખોદવાનું કામ કરાવતા હતા. જેથી તેમને તથા તેના નાનાભાઈને આરોપીઓએ ખાડા ખોદવાની ના પાડી ગાળો આપી હતી. ઉપરાંત લાકડી, લાકડાના ધોકા લઈ આડેધડ મુઢમાર માર્યો હતો. આ સમયે તેમનો નાનો ભાઈ બચાવવા વચ્ચે પડતા ચારેય આરોપીઓએ બન્ને હાથે લાકડી, લાકડાના ધોકાથી માર માર્યો હતો. તેમજ તેમને તથા તેના નાના ભાઈને પોલીસ ફરિયાદ કરશો તો જાનથી મારી નાખવાથી ધમકી આપી હતી. વડીયા પોલીસ સ્ટેશનના પીએસઆઈ કે.એલ. ગળચર વધુ તપાસ કરી રહ્યા છે.

# ખાંભાના રાયડી ગામે મનદુ:ખમાં યુવકને છરી બતાવી ધમકાવ્યો

ઝપાઝપીમાં આરોપીનો સોનાનો ચેઇન પડી ગયો

ખાંભા, તા.૮

ખાંભાના રાયડી ગામે સાળીયાના કેડે રાજકોટના એક યુવકે માતાના નામે જમીન રાખી હતી. આ જમીનની પ્રાઈવેટ માપણી કરાવતા હતા તેનું મનદુ:ખ રાખી જેમ ફાવે તેમ બિભત્સ શબ્દોમાં ગાળો આપી, છરી બતાવી ધમકાવ્યો હતો. ઉપરાંત ભેગા મળી ઢીકાપાટુનો મુઢમાર માર્યો હતો. આ ઝપાઝપીમાં તેમનો ચેઈન પડી ગયો હતો. બનાવ અંગે રાજકોટમાં રહેતા બ્રિજેનભાઈ ચંદુભાઈ મોખીયા (ઉ.વ.૩૬)એ ગણપતભાઈ બાબુભાઈ ડોબરીયા, ખોડાભાઈ બાબુભાઈ ગોંડલીયા, ભરતભાઈ વિક્રમભાઈ ચાંદુ, કિશોરભાઈ વિક્રમભાઈ ચાંદુ સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેમણે આશરે ૪ મહિના પહેલા ખાંભા તાલુકાના રાયડી ગામે સાળીયાના કેડે, તેમના માતાના નામે પાંચ વિઘા ખેતીની જમીન લીધી હતી. જેની બાજુમાં ગણપતભાઈ ડોબરીયાના કાકાની ખેતીની જમીન આવી હતી. જેથી તેના શેઢે ચડી તેઓ મશીન વડે તેમની જમીનની પ્રાઈવેટ માપણી કરાવતા હતા. તેનું મનદુ:ખ રાખી આરોપીએ જેમ-ફાવે તેમ બિભત્સ શબ્દોમાં ગાળો આપી, છરી બતાવી ધમકાવ્યો હતો. ઉપરાંત ઢીકાપાટુ વડે મુઢમાર માર્યો હતો તેમજ જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ ઝપાઝપીમાં તેમનો ચેઈન પડી ગયો હતો.

તંત્રી લેખ

## બ્રિટનમાં ઋષિ સુનકનો સૂર્યાસ્ત

બ્રિટનની સામાન્ય ચૂંટણી પૂરી થઈ ભારતીય મૂળના ઋષિ સુનકે પોતાની હાર સ્વીકારી અને રાજીનામું આપ્યું આના કારણે બ્રિટનમાં રહેતા ભારતીય નાગરિકો પર તેનો સૌથી વધુ પ્રભાવ પડી રહ્યો છે આ ઉપરાંત આપણા દેશની વિદેશ નીતિ ઉપર પણ આનો પ્રભાવ પડશે. આજે રાજનીતિના નિષ્ણાંતો વિચારે છે કે બ્રિટનની સામાન્ય ચૂંટણીની ભારત પર શું અસર પડી શકશે? બ્રિટનમાં લેબર પાર્ટીની જીતને કારણે ભારત પર અસર પડી શકે છે. હવે બ્રિટન સાથે મુક્ત વેપારના કરારોમાં વિલંબ થશે. આ અગાઉ જોઈએ તો લેબર પાર્ટીની વિઝા પોલિસી પર કડક વલણ રહ્યું છે. ઉપરાંત, યુરોપની સાથે બ્રિટન પર કાર્બન ટેક્સની ફેવરમાં છે. એટલે લેબર પાર્ટી કાર્બન ટેક્સમાં છૂટ આપવાના પક્ષમાં નથી. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ઋષિ સુનકે ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ માટે સખત મહેનત કરી છે. બંને નેતાઓ ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ માટે સંમત થયા હતા, પરંતુ ઈલેક્શનને કારણે આ સોદો ફાઈનલ થયો નહોતો. ટૂંકમાં, નવી સરકાર બનતા હવે જૂના કરારો મુદ્દે પણ ફેરવિચારણા કરવામાં આવે તો નવાઈ નહીં, એમ નિષ્ણાતોએ જણાવ્યું હતું. ૪ જુલાઈના રોજ બ્રિટનમાં મતદાન થયું હતું. કન્ઝર્વેટિવ પાર્ટી(Conservative party)ની કારમી હાર થઈ છે, વડાપ્રધાન ઋષિ સુનકે હાર સ્વીકારી લીધી છે, જોકે ઋષિ સુનકે રિચમન્ડ અને નોર્થલેર્ટનમાં પોતાની બેઠકો જાળવી રાખી છે. બીજી તરફ લેબર પાર્ટીના કીર સ્ટારમેર બ્રિટનના નવા વડા પ્રધાન બન્યા છે. તેમણે જીત બદલ જનતાનો આભાર વ્યક્ત કર્યો છે. લેબર પાર્ટીએ ૩૧૮ બેઠકો જીતી છે જ્યારે સત્તારૂઢ કન્ઝર્વેટિવ પાર્ટી અત્યાર સુધી માત્ર ૬૭ બેઠકો જીતવામાં સફળ રહી છે. લિબરલ ડેમોક્રેટ્સે ૩૨ બેઠકો જીતી છે, સ્કોટિશ નેશનલ પાર્ટીએ ચાર બેઠકો જીતી છે અને રિફોર્મ યુકેએ ચાર બેઠકો જીતી છે. જ્યારે ગ્રીન પાર્ટી માત્ર એક જ સીટ જીતવામાં સફળ રહી છે. ઋષિ સુનકે કહ્યું કે લેબર પાર્ટીએ આ સામાન્ય ચૂંટણી જીતી છે અને મેં કીર સ્ટારમરને તેમની જીત પર અભિનંદન આપવા ફોન કર્યો છે, હું હવે લંડન જઈશ. ત્યાં હું ચૂંટણી પરિણામો વિશે વિચાર-વિમર્શ કરીશ. વડાપ્રધાન પદ પર રહીને મેં મારા કાર્યકાળ દરમિયાન ઘણું કામ કર્યું. પાર્ટીને મળી રહેલું જંગી સમર્થન જોઈને કીર સ્ટારમેરે જનતાનો આભાર માન્યો છે. તેમણે કહ્યું કે જેમણે અમને વોટ નથી આપ્યો અમે તેમના માટે પણ કામ કરીશું. સ્ટારમેરે જનતાને કહ્યું કે હું તમારા માટે બોલીશ, તમારા માટે દરરોજ લડીશ, પરિવર્તન માટે તૈયાર છું. સ્ટારમેરે કહ્યું કે પરિવર્તન હવે તમારા મતથી શરૂ થઈ રહ્યું છે. ૬૧ વર્ષીય કીર સ્ટારમેર ચાર વર્ષથી બ્રિટિશ સંસદમાં વિરોધ પક્ષના નેતા છે. સ્કોટલેન્ડમાં પણ લેબર પાર્ટીને બહુમતી મળી છે. આ પરિવર્તનનો સમયગાળો છે. અમારી પ્રથમ પ્રાથમિકતા કન્ઝર્વેટિવ સરકારના ૧૪ વર્ષના શાસનને સમાપ્ત કરવાની છે, જેણે દેશને નુકસાન પહોંચાડ્યું છે.

# વિશ્વની સૌથી મોટી ઓફિસનો યુએસ પેન્ટાગોનનો દબદબો ખતમ

પ્રાસંગિક
સુરેશ દેસાઈ

અમેરિકાની ડિફેન્સ ઓફિસ પેન્ટાગોન ૧૯૪૩માં બનીને તૈયાર થઈ ત્યારથી માંડી અત્યાર સુધી વિશ્વમાં આટલી મોટી ઓફિસ બિલ્ડીંગ કોઈ દેશમાં બની નથી પરંતુ હવે ભારતમાં ડાયમંડ સિટી ગણાતા સુરતમાં એના કરતાં પણ મોટી સુપર બિલ્ડીંગ બની ચૂકી છે હવે વિશ્વની સૌથી મોટી ઓફિસ બિલ્ડીંગ પેન્ટાગોન નહીં પણ સુરતની નવી ઈમારત ડાયમંડ બુર્સ છે. પેન્ટાગોન એ યુનાઈટેડ સ્ટેટ્સ ડિપાર્ટમેન્ટ ઓફ ડિફેન્સનું મુખ્ય મથક છે, વર્જિનિયાના આર્લિંગ્ટન કાઉન્ટીમાં, વોશિંગ્ટન, ડી.સી.થી પોટોમેક નદીની પેલે પાર, બીજા વિશ્વયુદ્ધ દરમિયાન બાંધવામાં આવ્યું હતું. જેનું બાંધકામ ૧૫ જાન્યુઆરી, ૧૯૪૩ના રોજ પૂર્ણ થયું. ત્યારથી આજ સુધી વિશ્વની સૌથી મોટી ઓફિસ બિલ્ડિંગ તરીકેનું ટેગ અને ગર્વ અમેરિકાના નાગરિકો લેતા રહ્યા છે. ચોક્કસ ગર્વને લાયક પણ રહ્યું જ છે, પેન્ટાગોન ડિફેન્સ ઓફિસ ૬૫ લાખ ચોરસ ફૂટનું બાંધકામ ધરાવે છે. ૧૧ સપ્ટેમ્બર, ૧૯૪૧ના રોજ ખાતમુહૂર્ત થયું હતું અને ૧૫ જાન્યુઆરી, ૧૯૪૩ના રોજ ઈમારત સમર્પિત કરવામાં આવી હતી. વિશ્વની સૌથી મોટી ઓફિસ બિલ્ડીંગનો પરિચય મેળવતા પહેલા અમેરિકાના સુપર પાવર અને તેના સ્થાન વિશે જાણવું જરૂરી છે. સામાન્યપણે સંદર્ભમાં લેવાતું ધી યુનાઈટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકા પચાસ રાજ્યો અને એક સંઘીય જિલ્લાનું બનેલું સંઘીય (ફેડરલ) બંધારણીય પ્રજાસત્તાક છે. દેશ મુખ્યત્વે મધ્ય ઉત્તર અમેરિકામાં આવેલો છે, જ્યાં તેના ૪૮ સમીપવર્તી રાજ્યો અને પાટનગર જિલ્લો વોશિંગ્ટન ડી.સી. પ્રશાંત મહસાગર અને એટલાન્ટિક મહાસાગરની વચ્ચે આવેલા છે, જેમની ઉત્તરમાં કેનેડા અને દક્ષિણમાં મેક્સિકોની સરહદો છે. અલાસ્કાનું રાજ્ય ખંડની ઉત્તર-પશ્ચિમે આવેલું છે અને તેની પૂર્વમાં કેનેડા અને પશ્ચિમમાં બેરિંગની સામુદ્રધુનીની પેલે પાર રશિયા આવેલું છે. હવાઈ રાજ્ય પ્રશાંત મહાસાગરના મધ્યમાં આવેલો દ્વીપસમૂહ છે. દેશના કેટલાંક પ્રદેશો કેરેબીયન સાગરમાં અને પ્રશાંત મહાસાગરમાં પણ આવેલા છે. અંદાજે ૩૦.૫ કરોડની વસતી સાથે ૩૭.૯ કરોડ ચોરસ માઈલ (૯૮.૩ લાખ ચોરસ કિલોમીટર) વિસ્તાર ધરાવતું ધી યુનાઈટેડ સ્ટેટ્સ કુલ વિસ્તાર પ્રમાણે ત્રીજા કે ચોથા ક્રમનો સૌથી મોટો અને જમીન ક્ષેત્ર તથા વસતી પ્રમાણે ત્રીજો સૌથી મોટો દેશ છે. ધી યુનાઈટેડ સ્ટેટ્સ વિશ્વના સૌથી વધારે વંશીય રીતે વૈવિધ્યપૂર્ણ અને બહુસાંસ્કૃતિક રાષ્ટ્રો પૈકીનો એક છે અને ઘણા દેશોમાંથી કાયમી વસવાટ માટે મોટા પાયે સ્થળાંતર કરનારા લોકોનો બનેલો છે. અમેરિકી અર્થતંત્ર ૨૦૦૮માં અંદાજે ૧૪૩૦ અબજ યુએસ $ (US$)(નોમિનલ જીડીપીના આધારે વિશ્વના કુલ જીડીપીના ૨૩ ટકા અને સમતુલ્ય ખરીદ શક્તિએ લગભગ ૨૩ ટકા)ના કુલ ઘરેલુ ઉત્પાદન (જીડીપી) સાથે વિશ્વનું સૌથી મોટું અર્થતંત્ર છે. આ દેશની સ્થાપના એટલાન્ટિકના કાંઠે આવેલા ગ્રેટ બ્રિટનના ૧૩ સંસ્થાનોએ કરી હતી. ૪ જુલાઈ, ૧૭૭૬માં તેમણે



સ્વતંત્રતાનું જાહેરનામું કર્યું હતું, જેણે ગ્રેટ યુનાઈટેડ કિંગડમથી અલગ પડીને તેમની સ્વતંત્રતાની અને એક સહકારયુક્ત સંઘની રચનાની જાહેરાત કરી હતી. બળવાખોર રાજ્યોએ સ્વતંત્રતાના પ્રથમ સફળ સંસ્થાનવાદી યુદ્ધ, અમેરિકી ક્રાન્તિ યુદ્ધમાં ગ્રેટ બ્રિટનને હાર આપી હતી. ફિલાડેલ્ફીયા સંમેલને ૧૭ સપ્ટેમ્બર, ૧૭૮૭એ હાલના યુનાઈટેડ સ્ટેટ્સના બંધારણને અપનાવ્યું હતું, ત્યાર પછીના વર્ષે તેને બહાલી મળતાં રાજ્યો એક મજબૂત કેન્દ્રીય સરકાર સાથે એક પ્રજાસત્તાકના ભાગ બન્યા હતા. ૧૭૯૧માં બહાલી આપવામાં આવેલા દસ બંધારણીય સુધારા ધરાવતા હક પત્રકે ઘણા બધા બૂનિયાદી નાગરિક અધિકારો અને મુક્તિઓની ખાતરી આપી હતી. ૧૯મી સદીમાં યુનાઈટેડ સ્ટેટ્સે ફ્રાન્સ, સ્પેન, બ્રિટન, મેક્સિકો અને રશિયા પાસેથી જમીન ખરીદી અને ટેક્સાસ પ્રજાસત્તાક તથા હવાઈ પ્રજાસત્તાકનું વિલીનીકરણ કર્યું હતું. રાજ્યોના હકો અને ગુલામી પ્રથાના વિસ્તાર અંગે કૃષિપ્રધાન દક્ષિણ અને ઉત્તર વચ્ચે થયેલા ઔદ્યોગિક વિવાદોએ ૧૮૬૦ના અમેરિકી આંતરવિગ્રહને જન્મ આપ્યો હતો. ઉત્તરના વિજયે દેશના કાયમી ભાગલા થતા અટકાવ્યા અને યુનાઈટેડ સ્ટેટ્સમાં કાનૂની ગુલામીનો અંત આવ્યો હતો. ૧૮૭૦ સુધીમાં, દેશનું અર્થતંત્ર દુનિયામાં સૌથી મોટું બન્યું હતું. સ્પેન-અમેરિકી યુદ્ધ અને પહેલા વિશ્વયુદ્ધે લશ્કરી સત્તા તરીકેના દેશના દરજ્જાને અનુમોદન આપ્યું હતું. ૧૯૪૫માં, બીજા વિશ્વયુદ્ધમાંથી બહાર આવેલ યુનાઈટેડ સ્ટેટ્સ અણુ શસ્ત્રો ધરાવતા પ્રથમ દેશ, સંયુક્ત રાષ્ટ્રોની સુરક્ષા સમિતિના કાયમી સભ્ય અને નાટો (NATO)ના સ્થાપક સભ્ય તરીકે સ્થાપિત થયું હતું. શીતયુદ્ધના અંતે એક માત્ર મહાસત્તા તરીકે યુનાઈટેડ સ્ટેટ્સ રહ્યું હતું. દેશ વૈશ્વિક લશ્કરી ખર્ચના લગભગ ૫૦ ટકા ધરાવે છે અને વિશ્વમાં અગ્રણી આર્થિક, રાજકીય અને સાંસ્કૃતિક બળ છે. હવે અમેરિકાની જ ન્યૂઝ ચેનલે માહિતી આપી છે કે ડાયમંડ સિટી તરીકે ઓળખાતા સુરતે વધુ એક સિદ્ધિ મેળવી છે. સુરત ખાતે આવેલ ડાયમંડ બુર્સની બિલ્ડિંગ હવે અમેરિકાના પેન્ટાગોનને પાછળ રાખીને દુનિયાની સૌથી મોટી ઓફિસ બિલ્ડિંગનું સ્થાન પ્રાપ્ત કરે છે. સુરત ડાયમંડ બુર્સની ફ્લોર સાઈઝ લગભગ ૭૧ લાખ ચોરસ ફૂટ કરતાં પણ વધારે છે. આમ, SDB પાસે પેન્ટાગોન કરતાં લગભગ ૬ લાખ ચોરસ ફૂટ વધુ ફ્લોર સ્પેસ છે.

નવ ટાવરમાં પથરાયેલું આ બિલ્ડિંગ ગ્રીન બિલ્ડિંગ છે અને નવીનીકરણ તેમજ ગ્રીન એનર્જીમાં સર્વોચ્ચ એવું પ્લેટિનિયમ ગ્રેડેશન પણ ધરાવે છે. જોકે પેન્ટાગોન બિલ્ડિંગ ૨૯ એકર વિસ્તાર ધરાવે છે. બીજી તરફ, SDB ૩૫ એકરથી વધુ જમીન પર કબજો ધરાવે છે. કુલ ૩૦૦૦ કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. દુનિયાભરમાં જેમ્સ કેપિટલના નામે પ્રસિદ્ધ આ બિલ્ડિંગ 'વન સ્ટોપ ડેસ્ટિનેશન'ની જેમ રહેશે. અહીં હીરાના પૉલિશિંગ, કટિંગથી માંડી હીરાના વેપાર સાથે સંકળાયેલા તમામ વેપારીઓ માટે તમામ પ્રકારની સુવિધાઓ પૂરી પાડવામાં આવશે. નવ ઈમારતો એકબીજા સાથે જોડાયેલી છે. આટલું મોટું બાંધકામ હોય ત્યારે મોટા પ્રમાણમાં પાવરનો વપરાશ થાય સાથે જ પ્રદૂષણ થતું હોય છે, પરંતુ સુરત ડાયમંડ બુર્સને ગ્રીન ટેક્નોલોજીથી બનાવવામાં આવ્યું છે. નેચરલ વેન્ટિલેશનનો ઉપયોગ કરીને ઠંડું રાખવામાં આવે છે જ્યારે કોમન એરિયામાં સોલર એનર્જીનો ઉપયોગ થાય છે. તેથી આ સાઈઝની સામાન્ય બિલ્ડિંગમાં જે એનર્જીનો વપરાશ થાય તેના કરતાં ૫૦ ટકા એનર્જીથી આ ઓફિસનું કામ ચલાવી શકાશે. અહીં બેંકો પણ ખૂલશે. આનાથી વેપારીઓને નાણાકીય વ્યવહારો કરવામાં સરળતા રહેશે. હીરાની હરાજી માટે એક ઓક્શન હાઉસ પણ હશે. વિદેશી કંપનીઓ હીરાની હરાજી કરી શકે તે માટેના પ્રયાસો પણ કરવામાં આવી રહ્યા છે. આમેય સુરત ડાયમંડ ક્ષેત્રે વિશ્વપટલ પર ચમકતું જ રહ્યું છે. આખા વિશ્વના ૯૦ ટકા જેટલા હીરા સુરત ખાતે જ પૉલિશ કરવામાં આવે છે. તારીખ ૨૧ નવેમ્બરના રોજ અમેરિકાનો આ તાજ આધિકારિક રીતે છીનવાઈ જશે અને ભારત, ગુજરાત, સુરત આ તાજને ધારણ કરશે. વિશ્વની સૌથી મોટી પ્રતિમા 'સ્ટેચ્યૂ ઓફ યુનિટી', વિશ્વનું સૌથી મોટું ક્રિકેટ સ્ટેડિયમ અને હવે વિશ્વની સૌથી મોટી ઓફિસ બિલ્ડિંગ, એમ ત્રણ ત્રણ સિદ્ધિઓ આજે ગુજરાતનું ગૌરવ છે.

**વિશ્વમાં સૌથી ઊંચી ઈમારત અરબ અમીરાતમાં આવેલી છે પરંતુ વિશ્વની સૌથી મોટી ઓફિસ તરીકેનું સ્થાન અમેરિકન સંરક્ષણ મંત્રાલયનું પેન્ટાગોન હતું. ૧૯૪૧ થી અત્યાર સુધી પેન્ટાગોનનો દબદબો હતો પરંતુ હવે તેનું આ સ્થાન ભારતે લીધું છે. ભારતનું સંસદ ભવન વિશ્વની ટોપ ટેન ઇમારતમાં ગણવામાં આવે છે પરંતુ વિશ્વની સૌથી મોટી ઓફિસ ઈમારત તરીકે સુરતની ઈમારતનું નામ પ્રથમ સ્થાને છે.**

# માર્કેટયાર્ડના ભાવ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૪૫૦ | ૧૫૯૦ |
| ઘઉં લોકવન | ૫૨૪ | ૫૫૫ |
| ઘઉં ટુકડા | ૫૨૪ | ૫૬૬ |
| જુવાર સફેદ | ૮૩૧ | ૯૩૦ |
| જુવાર પીળી | ૪૦૦ | ૪૬૦ |
| બાજરી | ૩૮૦ | ૪૪૦ |
| તુવેર | ૧૬૪૦ | ૨૧૦૦ |
| ચણા પીળા | ૧૨૪૧ | ૧૨૯૫ |
| ચણા સફેદ | ૧૫૧૧ | ૨૪૦૦ |
| અડદ | ૧૬૮૬ | ૧૯૨૨ |
| મગ | ૧૪૦૦ | ૧૭૦૦ |
| વાલ દેશી | ૧૦૦૦ | ૧૮૦૦ |
| વાલ પાપડી | ૧૨૦૦ | ૨૦૦૦ |
| ચોળી | ૧૨૨૦ | ૨૩૫૦ |
| વટાણા | ૧૩૨૫ | ૧૯૫૦ |
| સીંગદાણા | ૧૫૮૦ | ૧૭૭૫ |
| મગફળી જાડી | ૧૧૩૦ | ૧૨૯૫ |
| મગફળી જીણી | ૧૧૨૦ | ૧૨૩૫ |
| તલી | ૨૩૨૦ | ૨૫૨૫ |
| સુરજમુખી | ૫૪૦ | ૫૪૦ |
| એરંડા | ૧૦૫૦ | ૧૧૬૧ |
| અજમો | ૧૩૦૦ | ૨૮૨૫ |
| સોયાબીન | ૮૦૦ | ૮૬૮ |
| સીંગફાડા | ૧૧૦૦ | ૧૫૧૧ |
| કાળા તલ | ૨૯૦૫ | ૩૩૧૦ |
| લસણ | ૧૫૭૫ | ૨૯૫૦ |
| ધાણા | ૧૧૫૦ | ૧૩૫૦ |
| ધાણી | ૧૨૦૦ | ૧૪૩૦ |
| વરીયાળી | ૧૦૦૦ | ૧૩૫૦ |
| જીરૂ | ૪૩૫૦ | ૫૨૭૮ |
| રાય | ૧૧૦૦ | ૧૨૫૫ |
| મેથી | ૯૭૦ | ૧૩૮૦ |
| કલોંજી | ૩૧૧૦ | ૩૮૩૦ |
| રાયડો | ૯૪૦ | ૧૦૫૦ |
| રજકાનું બી | ૪૨૦૦ | ૫૮૬૦ |
| ગુવારનું બી | ૯૮૦ | ૧૦૦૦ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| કેરી કાચી | ૬૫૦ | ૧૦૦૦ |
| લીંબુ | ૬૦૦ | ૧૦૦૦ |
| તરબુચ | ૧૫૦ | ૩૦૦ |
| બટેટા | ૨૭૦ | ૬૧૧ |
| ડુંગળી સુકી | ૧૯૦ | ૬૧૦ |

| | | |
|---|---|---|
| ટમેટા | ૬૦૦ | ૧૧૦૦ |
| સુરણ | ૧૮૦૦ | ૨૦૦૦ |
| કોથમરી | ૧૨૦૦ | ૧૬૦૦ |
| મૂળા | ૩૫૦ | ૪૮૦ |
| રીંગણા | ૨૦૦ | ૪૦૦ |
| કોબીજ | ૪૦૦ | ૬૦૦ |
| ફ્લાવર | ૭૦૦ | ૧૦૦૦ |
| ભીંડો | ૮૦૦ | ૧૨૦૦ |
| ગુવાર | ૧૦૦૦ | ૧૫૦૦ |
| ચોળાસીંગ | ૧૧૦૦ | ૧૬૦૦ |
| ટીંડોરા | ૬૦૦ | ૧૧૦૦ |
| દુધી | ૩૦૦ | ૫૦૦ |
| કારેલા | ૭૦૦ | ૧૦૦૦ |
| સરગવો | ૮૦૦ | ૧૨૦૦ |
| તુરીયા | ૮૫૦ | ૧૨૭૦ |
| પરવળ | ૭૦૦ | ૯૦૦ |
| કાકડી | ૬૦૦ | ૧૦૦૦ |
| ગાજર | ૨૫૦ | ૫૦૦ |
| ગલકા | ૪૦૦ | ૭૦૦ |
| બીટ | ૨૦૦ | ૪૦૦ |
| મેથી | ૧૫૦૦ | ૨૦૦૦ |
| ડુંગળી લીલી | ૧૦૦૦ | ૧૪૦૦ |
| આદુ | ૧૯૦૦ | ૨૨૦૦ |
| મરચા લીલા | ૭૫૦ | ૧૦૦૦ |
| મગફળી લીલી | ૭૦૦ | ૧૦૦૦ |
| મકાઇ લીલી | ૨૫૦ | ૪૦૦ |
| **અમરેલી** | | |
| શિંગ મઠડી | ૭૧૦ | ૧૧૬૧ |
| શિંગ મોટી | ૧૦૦૦ | ૧૧૮૫ |
| શિંગદાણા | ૧૩૦૦ | ૧૮૦૦ |
| શિંગ ફાડા | ૧૦૭૫ | ૧૫૭૨ |
| તલ સફેદ | ૨૨૦૦ | ૨૫૯૦ |
| તલ કાળા | ૧૬૭૫ | ૩૧૪૦ |
| તલ કાશ્મીરી | ૩૩૮૦ | ૩૩૮૦ |
| બાજરો | ૩૭૦ | ૪૬૧ |
| જુવાર | ૪૨૧ | ૭૫૦ |
| ઘઉં ટુકડા | ૪૬૭ | ૫૭૩ |
| ઘઉં લોકવન | ૪૮૯ | ૫૮૦ |
| મગ | ૧૧૫૦ | ૧૫૮૦ |
| ચણા | ૯૦૦ | ૧૨૭૧ |
| તુવેર | ૧૯૩૦ | ૨૦૮૦ |
| કપાસ | ૯૦૦ | ૧૫૩૧ |
| એરંડા | ૧૦૦૦ | ૧૧૦૪ |


| | | |
|---|---|---|
| જીરું | ૪૧૦૦ | ૫૨૭૫ |
| ધાણા | ૧૦૫૦ | ૧૨૯૫ |
| મેથી | ૮૩૦ | ૧૧૦૩ |
| સોયાબીન | ૭૬૫ | ૮૩૮ |
| રજકાનું બી | ૨૭૪૦ | ૪૪૦૦ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૩૨૦ | ૫૩૦ |
| રીંગણાં | ૩૦૦ | ૫૦૦ |
| ફુલાવર | ૧૨૦૦ | ૧૩૦૦ |
| કોબીજ | ૫૦૦ | ૭૦૦ |
| ટામેટા | ૧૦૦૦ | ૧૩૫૦ |
| સુરણ | ૧૪૦૦ | ૧૬૦૦ |
| ગાજર | ૫૦૦ | ૬૦૦ |
| દૂધી | ૩૦૦ | ૫૦૦ |
| કરેલા | ૮૦૦ | ૧૦૦૦ |
| ગલકા | ૪૦૦ | ૬૦૦ |
| કાકડી | ૫૦૦ | ૬૦૦ |
| ગુવાર | ૧૦૦૦ | ૧૪૦૦ |
| ચોળાલીલાં | ૧૨૦૦ | ૧૩૦૦ |
| તુરીયા | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ભીંડો | ૮૦૦ | ૧૦૦૦ |
| આદુ | ૨૩૦૦ | ૨૪૦૦ |
| કોથમીર | ૧૬૦૦ | ૧૮૦૦ |
| મેથીભાજી | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ફુદીનો | ૭૦૦ | ૮૦૦ |
| ટીંડોરા | ૧૦૦૦ | ૧૧૦૦ |
| બીટ | ૪૦૦ | ૫૦૦ |
| લીમડો મીઠો | ૧૨૦ | ૧૬૦ |
| મરચા લીલા | ૭૦૦ | ૧૧૦૦ |
| ડુંગળી સૂકી | ૧૮૦ | ૫૦૦ |
| લસણ સૂકું | ૨૦૦૦ | ૪૫૦૦ |
| મકાઈ | ૪૦૦ | ૫૦૦ |
| લીંબુ | ૫૦૦ | ૮૦૦ |
| પાલક | ૯૦૦ | ૧૦૦૦ |
| **ગોંડલ** | | |
| કપાસ બી. ટી. | ૯૦૧ | ૧૫૩૧ |
| ઘઉં લોકવન | ૫૨૪ | ૬૦૮ |
| ઘઉં ટુકડા | ૫૧૨ | ૬૨૬ |
| મગફળી જીણી | ૯૦૧ | ૧૨૪૧ |
| સિંગદાણા જાડા | ૧૪૧૧ | ૧૮૩૧ |
| સિંગ ફાડીયા | ૧૨૪૧ | ૧૫૯૧ |
| એરંડા / એરંડી | ૯૩૧ | ૧૧૫૧ |
| તલ કાળા | ૨૪૦૧ | ૩૨૫૧ |

| | | |
|---|---|---|
| જીરૂ | ૩૬૫૧ | ૫૩૩૧ |
| ક્લોંજી | ૧૫૦૧ | ૩૮૦૧ |
| વરીયાળી | ૧૦૦૧ | ૧૪૫૧ |
| ધાણા | ૯૦૧ | ૧૬૨૧ |
| લસણ સુકું | ૧૦૯૧ | ૩૫૬૧ |
| ડુંગળી લાલ | ૧૫૧ | ૫૭૧ |
| અડદ | ૧૪૫૧ | ૧૮૬૧ |
| તુવેર | ૧૨૧૧ | ૨૦૬૧ |
| રાય | ૩૭૧ | ૧૧૭૧ |
| મેથી | ૯૦૧ | ૯૫૧ |
| મગફળી જાડી | ૮૫૧ | ૧૩૧૧ |
| સફેદ ચણા | ૧૩૦૧ | ૧૯૦૧ |
| મગફળી નવી | ૮૦૧ | ૧૨૭૫ |
| તલ – તલી | ૧૭૦૦ | ૨૫૪૧ |
| ઇસબગુલ | ૨૦૦૦ | ૨૦૦૦ |
| ધાણી | ૯૫૧ | ૧૬૭૬ |
| બાજરો | ૪૧૧ | ૪૬૧ |
| જુવાર | ૪૫૧ | ૯૨૧ |
| મકાઇ | ૪૨૧ | ૪૭૧ |
| મગ | ૧૩૫૧ | ૧૬૭૧ |
| ચણા | ૧૧૦૧ | ૧૩૧૬ |
| વાલ | ૫૧૧ | ૧૭૭૬ |
| વાલ પાપડી | ૯૫૧ | ૧૮૫૧ |
| ચોળા / ચોળી | ૭૭૬ | ૩૨૦૧ |
| સોયાબીન | ૭૭૧ | ૮૬૧ |
| અજમા | ૧૧૦૧ | ૧૧૦૧ |
| ગોગળી | ૮૦૦ | ૧૧૦૧ |
| વટાણા | ૭૦૦ | ૧૨૦૧ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ જુણી | ૧૧૫૧ | ૧૨૨૦ |
| શીંગ મોટી | ૧૧૫૧ | ૧૨૨૦ |
| શીંગ દાણા | ૧૭૦૦ | ૧૩૨૧ |
| તલ સફેદ | ૨૨૦૦ | ૨૫૬૧ |
| તલ કાળા | ૨૫૦૦ | ૩૦૮૦ |
| જીરૂ | ૪૫૦૦ | ૫૪૨૧ |
| કપાસ | ૧૨૫૦ | ૧૫૦૦ |
| ઘઉં લોકવન | ૪૭૦ | ૫૬૮ |
| ઘઉં ટુકડા | ૪૯૨ | ૫૮૯ |
| બાજરો | ૩૭૬ | ૪૬૧ |
| જુવાર | ૭૨૨ | ૮૩૬ |
| મકાઈ | ૫૪૭ | --- |
| ચણા | ૧૧૦૦ | ૧૨૪૯ |
| તુવેર | ૨૦૧૦ | ૨૧૪૧ |

| | | |
|---|---|---|
| એરંડી | ૧૦૫૦ | ૧૧૩૫ |
| રાય-રાયડો | ૧૧૫૧ | --- |
| સોયાબીન | ૮૨૫ | ૮૬૦ |
| **ભેસાણ** | | |
| કપાસ | ૧૨૦૦ | ૧૪૭૫ |
| ઘઉં | ૪૦૦ | ૫૨૫ |
| બાજરો | ૪૨૫ | ૪૨૫ |
| શિંગદાણા | ૧૬૦૦ | ૨૦૩૦ |
| શિંગ ફાડા | ૧૩૭૦ | ૧૩૭૦ |
| તલ સફેદ | ૧૨૦૦ | ૨૪૪૨ |
| સોયાબીન | ૭૦૦ | ૮૨૦ |
| **બાબરા** | | |
| કપાસ | ૧૩૧૬ | ૧૫૬૪ |
| મગફળી | ૧૦૯૦ | ૧૧૨૦ |
| જીરૂ | ૪૬૬૫ | ૫૩૪૫ |
| ઘઉં | ૪૮૪ | ૫૩૬ |
| તલ સફેદ | ૨૩૪૫ | ૨૪૭૫ |
| **ધારી** | | |
| ચણા | ૧૧૨૧ | ૧૨૦૬ |
| શીંગ દાણા | ૧૪૧૦ | ૧૪૧૦ |
| મગ | ૧૫૪૦ | ૧૫૪૦ |
| સોયાબીન | ૮૩૫ | ૮૩૬ |
| તલ | ૨૧૦૦ | ૨૧૦૦ |
| **રાજુલા** | | |
| શીંગ | ૮૦૧ | ૮૦૧ |
| તલ સફેદ | ૨૩૦૧ | ૨૬૦૧ |
| કપાસ | ૧૦૦૦ | ૧૫૦૦ |
| બાજરો | ૪૧૭ | ૫૦૦ |
| ઘઉ ટુકડા | ૪૭૦ | ૫૮૬ |
| જુવાર | ૭૬૦ | ૮૮૫ |
| ચણા | ૧૦૭૧ | ૧૨૫૩ |
| જીરૂ | ૪૧૦૧ | ૪૧૦૧ |
| શીંગદાણા | ૧૩૫૧ | ૧૭૬૧ |
| સોયાબીન | ૮૪૩ | ૮૪૩ |
| રજકા બી | ૨૦૦૧ | ૨૦૦૧ |
| **ખાંભા** | | |
| કપાસ | ૧૪૬૪ | ૧૪૬૪ |
| તલ સફેદ | ૨૪૬૮ | ૨૪૬૮ |
| ઘઉં | ૪૫૦ | ૪૫૦ |
| શીંગ દાણા | ૧૮૦૦ | ૧૯૧૫ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ચણા | ૧૧૫૦ | ૧૧૭૦ |

| | | |
|---|---|---|
| મગ | ૧૪૦ | ૧૪૬૫ |
| ઘઉં લોકવન | ૪૫૪ | ૪૫૪ |
| ઘઉં ટુકડા | ૪૬૫ | ૫૨૨ |
| તલ સફેદ | ૨૦૨૦ | ૨૪૦૭ |
| સોયાબીન | ૭૨૫ | ૮૩૨ |
| જીરૂ | ૫૦૦૦ | ૫૦૦૦ |
| બાજરો | ૩૫૦ | ૩૫૦ |
| ચોળી | ૮૦૦ | ૮૦૦ |
| શીંગદાણા | ૧૧૦૦ | ૧૬૦૦ |
| ધાણા | ૧૦૦૦ | ૧૨૦૦ |
| અડદ | ૧૮૦૫ | ૧૮૦૫ |
| શીંગફાડા | ૧૩૮૦ | ૧૫૨૦ |
| **મહુવા** | | |
| શીંગ ૩૯ | ૯૭૫ | ૧૧૮૨ |
| શીંગ ૩૨ | ૭૦૧ | ૧૧૬૫ |
| શીંગ જી-૨૦ | ૮૦૦ | ૧૨૫૫ |
| એરંડા | ૯૭૫ | ૧૧૪૦ |
| જુવાર | ૩૨૮ | ૯૦૮ |
| બાજરી | ૪૦૦ | ૪૯૨ |
| ઘંઉ ટુકડા | ૩૫૦ | ૬૧૬ |
| મકાઈ | ૩૯૨ | ૪૫૧ |
| મગ | ૧૩૦૦ | ૧૬૩૯ |
| વરીયાળી | ૧૫૦૦ | ૧૫૦૦ |
| મેથી | ૬૦૦ | ૬૦૦ |
| ચણા | ૭૧૪ | ૧૧૬૪ |
| તલ સફેદ | ૧૮૦૦ | ૨૫૫૮ |
| રાજગરો | ૧૮૧૫ | ૧૮૧૫ |
| જીરૂ | ૪૯૨૫ | ૫૧૬૦ |
| ડુંગળી લાલ | ૨૦૦ | ૫૮૨ |
| કપાસ | ૧૧૦૦ | ૧૪૬૮ |
| નાળીયેર | ૭૨૧ | ૧૯૨૨ |
| **કોડીનાર** | | |
| મગફળી જી-૨૦ | ૧૧૫૦ | ૧૩૩૬ |
| બાજરી | ૪૦૦ | ૪૮૨ |
| ઘઉં | ૪૯૦ | ૫૮૦ |
| મેથી | ૯૫૦ | ૧૦૯૫ |
| એરંડા | ૧૦૫૦ | ૧૧૩૮ |
| સફેદ તલ | ૨૧૬૦ | ૨૫૨૬ |
| કાળા તલ | ૨૫૦૦ | ૩૧૭૦ |
| સોયાબીન | ૮૨૫ | ૮૯૨ |
| સીંગદાણા | ૧૫૫૦ | ૨૨૦૫ |
| જુવાર | ૭૦૦ | ૮૩૦ |
| અડદ | ૧૫૦૦ | ૧૯૪૬ |
| મગ | ૧૫૨૦ | ૧૯૦૦ |
| ચણા | ૧૦૫૦ | ૧૩૧૨ |

## શબ્દ સંજોગ-૧૮૩૨



**આડી ચાવી :**
(૧) ગુજરાતમાં વહેતી એક નદી (૩)
(૩) એક રાશિ (૨)
(૪) એક ધાન્ય (૨)
(૬) ગધેડાનાં પગ બાંધવાનું દોરડું (૩)
(૭) ગધેડો (૩)
(૮) નાશ, પ્રલય (૨)
(૧૦) સુથારનું ઓજાર (૪)
(૧૨) મુકરર કરેલો સમય (૩)
(૧૪) કચરો, ગંદકી (૨)
(૧૬) માતાની માતાના દીકરાના પિતા (૨)
(૧૭) ઈચ્છા (૩)
(૧૯) એક રાશિ (૨)
(૨૧) નામ સ્મરણ, ભક્તિ (અવળું) (૩)
(૨૨) 'સવાર'નું કરો હિન્દી (૩)
(૨૪) ગામ પાસેની નાની વસાહત (૨)
(૨૬) પોચું, મુલાયમ (૩)
(૨૮) એક પશુની માદા (૩)
(૩૦) લેખકનું હથિયાર (૩)
(૩૧) એક છંદ (૪)

**ઉભી ચાવી :**
(૧) મૂળ, ઉત્પતિ સ્થાન (૩)
(૨) આ તો પિતાની માતાની પુત્રવધૂના સસરા (૨)
(૩) બાંધેલો લોટ (૩)
(૪) એક ધાતુ (૩)
(૫) સંસાર, જન્મ (અવળું) (૨)
(૭) એક અટક (૩)
(૯) એક પવિત્ર નદી (૩)
(૧૧) વિષ્ણુ ભગવાનનું એક નામ (૩)
(૧૩) નમે (૨)
(૧૫) એક રાશિ (૩)
(૧૬) શરીરનો એક અવયવ (૨)
(૧૮) મોરથૂથુ (૨)
(૧૯) ટેબલ (૨)
(૨૦) ઝાકળ (૪)
(૨૧) સિંહ જેવો બહાદુર પુરુષ (૪)
(૨૩) દરેક (૨)
(૨૫) મુંગૂ (૨)
(૨૭) બાળ ભાષામાં ખાવાનું (૨)
(૨૯) શંકર (૨)

## શબ્દ સંજોગ-૧૮૩૧ જવાબ

**આડી ચાવીઃ** (૧) આભુષણ (૪) પાદ (૬) ચલ (૭) તસ્કર (૮) પારો (૧૦) લીસો (૧૧) તોલે (૧૩) મિથ્યા (૧૫) ખેપિયો (૧૭) ધામ (૨૧) સપત્ની (૨૩) જુવાન (૨૫) તાસ (૨૭) નટ (૨૯) ઘનઘોર (૩૨) માગું (૩૩) નવ.

**ઊભી ચાવીઃ** (૧) આચરતો (૨) ભુલ (૩) ભાસ્કર (૫) દલીલો (૯) રોમિયો (૧૨) લેખે (૧૪) અમસ (૧૬) પિત્તળ (૧૮) પત્ની (૧૯) પજુષણ (૨૦) ચિંતા (૨૨) પડઘો (૨૪) વાટ (૨૬) સઘન (૨૮) સગું (૩૦) નવ (૩૧) રદ્દી.

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

**લાયન્સ કલબ ઓફ અમરેલી (સિટી), વિશ્વ હિન્દુ પરિષદ, બજરંગદળના સંયુક્ત ઉપક્રમે**

# વિનામૂલ્યે નેત્રનિદાન તથા નેત્રમણી આરોપણ કેમ્પ યોજાયો

અમરેલી,તા.૮

લાયન્સ કલબ ઓફ અમરેલી (સિટી), વિશ્વ હિન્દુ પરિષદ, બજરંગદળના સંયુકત ઉપક્રમે હાઈસ્કૂલ, ધારી ખાતે વિનામૂલ્યે નેત્ર નિદાન તથા નેત્રમણી આરોપણ કેમ્પનું તા.૦૭.૦૭.૨૦૨૪ ને રવિવાર અષાઢી બિજના દિવસે આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં ૧૧૧ થી પણ વધારે દર્દીઓએ ચક્ષુ તપાસ કરાવેલ તદુપરાંત ૧૦ જેટલા દર્દીઓના ઓપરેશન તેમજ ૨૭ દર્દીને ચશ્મા વિનામૂલ્યે વિતરણ કરવામાં આવ્યા હતા. આ કેમ્પની અંદર આંખના રોગો જેવા કે મોતીયો, ઝામર, વેલ, પરવાળ, ત્રાંસી આંખ, આંખની કીકી તથા પડદા સંબંધી તમામ સમસ્યાઓનું નિષ્ણાંત ડોકટરો દ્વારા નિરાકરણ કરવામાં આવ્યું હતું.



આ કેમ્પને સફળ બનાવવા માટે લાયન્સ કલબ ઓફ અમરેલી (સિટી) તરફથી પ્રમુખ લા.મનોજભાઈ કાનાણી, સેક્રેટરી લા.ભદ્રેશસિંહ પરમાર, ખજાનચી લા. સાહસભાઈ ઉપાધ્યાય, સિનિયર મેમ્બર નિલેશભાઈ ભીલ, જયેશભાઈ પંડયા, એમ.એમ. પટેલ, વિનુભાઈ આદ્રોજા, સુદર્શન નેત્રાલયના કિર્તીભાઈ તેમજ કાર્યક્રમના સ્થાનિક આયોજક શિવરાજભાઈ વાળા, બજરંગદળના યશભાઈ જોષી, માતૃશકિત સહસંયોજક પૂર્વીબેન ત્રિવેદી, આશાબેન રાઠોડ તથા આ કાર્યક્રમમાં સહયોગ આપનાર સુદર્શન નેત્રાલય અમરેલી સ્ટાફગણે જહેમત ઉઠાવેલ હતી. તેમ લાયન્સ કલબ ઓફ અમરેલી (સિટી)ની અખબારી યાદીમાં જણાવાયું છે.

# અમરેલીમાં તા.૧૦થી ૧૪ સુધી મહીનું પાણી નહી મળે

પાણીનો કરકસરપૂર્વક ઉપયોગ કરવા પ્રમુખ-ચીફ ઓફિસરની અપીલ

અમરેલી,તા.૮

ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ વિભાગ-અમરેલી દ્વારા નર્મદા પાઈપલાઈન આધારીત જી.ડબલ્યુ.આઈ.એલ. હસ્તકની ગઢડા હેડવર્કસથી ચાવંડ હેડવર્કસ સુધીની ૧૨૦૦ એમ.એમ વ્યાસની મુખ્ય પાઈપલાઈનનાં ચાવંડ પમ્પીંગ સ્ટેશન પર તા.૧૦/૦૭/૨૦૨૪ થી તા.૧૪/૦૭/૨૦૨૪ સુધી પાઈપલાઈન નેટવર્ક જોડાણની કામગીરી થવાની છે. જેથી આ પાંચ દિવસનાં સમયગાળા દરમિયાન અમરેલી નગરપાલિકાને મહી પરીએજ યોજનાનો પાણી પુરવઠો મળવાનું બંધ રહે તેવી સ્થિતિ છે. શહેરનાં લોકલ સ્ત્રોતમાં પુરતા પ્રમાણમાં પાણી ઉપલબ્ધ થયું ન હોવાથી તા.૧૦/૦૭/૨૦૨૪ થી તા.૧૪/૦૭/૨૦૨૪ સુધી નિયમિત રીતે પાણી પુરવઠો આપી શકાય તેમ ન હોવાથી આ સમયગાળા દરમિયાન અમરેલી શહેરનાં પાણી પુરવઠા વિતરણ વ્યવસ્થામાં વિક્ષેપ પહોંચે તેમ છે. અમરેલી શહેરનાં નગરજનોને આ સમયગાળા દરમિયાન ઉપલબ્ધ પાણીનો કરકસર પૂર્વક ઉપયોગ કરવા અને અમરેલી નગરપાલિકાને સહયોગ કરવા વિનંતી કરવામાં આવી છે. મહી પરીએજ યોજનાનાં પાણી શરૂ થયેથી રાબેતા મુજબ પાણી પુરવઠો શરૂ કરવામાં આવશે, તેમ અમરેલી નગરપાલિકાના પ્રમુખ અને ચીફ ઓફિસરની એક યાદીમાં જણાવાયું છે.

# બાબરામાં પૂજ્ય વેલનાથ બાપુના પ્રાગટ્ય મહોત્સવની ભવ્ય ઉજવણી

બાબરા, તા.૮

બાબરામાં અષાઢી બીજના રોજ દર વરસની જેમ આ વર્ષે પણ સુવાળિયા કોળી સમાજ અને વેલનાથ પ્રગતિ મંડળના સંયુક્ત ઉપક્રમે પૂજ્ય વેલનાથ બાપુના પ્રાગટય મહોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. અહીં ચિતલ રોડ પર આવેલ પૂજ્ય વેલનાથ બાપુના મંદિરે સવારે મહાઆરતી મહાપૂજા કરવામાં આવી હતી. ત્યારબાદ પૂજ્ય વેલનાથ



બાપુની ભવ્ય અને દિવ્ય શોભાયાત્રા કાઢવામાં આવી હતી, જેમાં મોટી સંખ્યામાં સુવાળિયા કોળી સમાજના લોકો પરિવાર સાથે જોડાયા હતા અને શોભાયાત્રા પૂર્ણ થયા બાદ મહાપ્રસાદમાં આશરે ૨૫૦૦ જેટલા લોકોએ લાભ લઈ ધન્યતા અનુભવી હતી.

# દામલી પ્રા.શાળામાં આચાર્ય-શિક્ષકો વચ્ચે ટકરાવ, વિદ્યાર્થીઓનો ખો

**આચાર્યની બદલી નહી થાય તો શાળાને તાળાબંધીની ચીમકી**

કોડીનાર,તા.૮

કોડીનાર તાલુકાના દામલી ગામે પ્રાથમિક શાળાના આચાર્યની દિવસ ૧૫માં બદલી કરવામાં નહીં આવે તો ગ્રામજનો દ્વારા શાળાને તાળાબંધી કરવા ચીમકી આપવામાં આવી છે.

કોડીનાર તાલુકાના દામલી ગામે આવેલ પ્રાથમિક શાળાના આચાર્ય તથા શિક્ષકો વચ્ચે છેલ્લા બે વર્ષથી અંદરો અંદરના ઝગડાને કારણે ગામના ૨૮૦ થી ૩૦૦ વિદ્યાર્થીના શિક્ષણને મોટી અસર પડી રહી છે. આ શિક્ષકોના ઝઘડાને કારણે ઘણા શિક્ષકો નિયમિત શાળાએ આવતા નથી જે વિષયના શિક્ષકો હોય તેના બદલે બીજા વિષયની કામગીરી સોંપવામાં આવતી હોવાથી ગણિત, વિજ્ઞાન અને અંગ્રેજી જેવા વિષયો ઘણા શિક્ષકો ભણાવી શકતા નથી જેના કારણે ધોરણ આઠમાં અભ્યાસ કરતા ઘણા વિદ્યાર્થીઓને લખતા વાંચતા કે ૧૦૦ એકડા આવડતા નથી.

આ બાબતે ગ્રામજનોએ સરપંચ રસીલાબેન ભરતભાઈ સોલંકીને જાણ કરતાં સરપંચે જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારીને લેખિતમાં જણાવેલ કે સદરહુ શાળામાં અપાતા મધ્યાહન ભોજનમાં પણ ઘણા શિક્ષકો ગેરરીતિ કરી માલસામાન બારોબાર વેચી નાખે છે તેમજ સરકાર તરફથી શાળાના વિકાસ માટે મળતી ગ્રાન્ટોની નબળી કામગીરી કરી આચાર્ય તરફથી મોટો ભ્રષ્ટાચાર કરવામાં આવી રહેલ છે. દામલી પ્રાથમિક શાળાના આ આચાર્યની અણઆવડત અને નબળા મેનેજમેન્ટના કારણે શાળાનું શિક્ષણ સાવ ખાડે ગયેલ છે.

ઘણા વાલીઓ તેમના બાળકોને ખાનગી શાળામાં મુકવા મજબૂર બની ગયા છે.


જેથી આ શાળાના આચાર્યની ૧૫ દિવસમાં બદલી કરવામાં નહીં આવે તો ગ્રામજનો દ્વારા શાળાને તાળાબંધી કરવામાં આવશે તેમ સરપંચે જણાવેલ છે.

**મહોત્સવમાં સાંસદ રૂપાલા સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યાં**

# ધોરાજીના ફરેણી સ્વામિનારાયણ ધામમાં અષાઢીબીજ મહોત્સવ ઉજવાયો

ધોરાજી,તા.૮

ધોરાજીનાં ફરેણી સ્વામિનારાયણ ધામ ખાતે અષાઢી બીજ મહોત્સવની રંગેચંગે ઉજવણી કરવામાં આવી હતી. હજારોની સંખ્યામાં ભાવિક ભકતોએ સ્વામિનારાયણ ધામ ખાતે પૂજન આરતીના દર્શનનો લાભ લીધો હતો. આ પ્રસંગે ફરેણી સ્વામિનારાયણ ધામ ખાતે રાજકોટના સાંસદ



પરશોતમભાઈ રૂપાલા સહિતના અગ્રણીઓએ ઘનશ્યામ મહારાજના દર્શન અને સદગુરૂ રામાનંદ સ્વામી આર્ટ ગેલેરીના દર્શન કરી ખુબ દિવ્યતા અનુભવી હતી. આ તકે સ્વામિનારાયણ ધામના સંતો દ્વારા સાંસદ તથા ઉપસ્થિત અગ્રણી મહેમાનોનું સન્માન કરાયુ હતું અને સંતોએ આશીર્વાદ આપ્યા હતા.

**સમાજ અગ્રણી ચંદુભાઈ પોશિયાનું અદકેરું સન્માન**

# ચક્કરગઢ ગામે અષાઢી બીજની ભવ્ય ઉજવણી

અમરેલી, તા.૮

અમરેલી તાલુકાના ચક્કરગઢ ગામે સમાજસેવી ભામાશા ચંદુભાઈ પોશિયા દ્વારા અષાઢી બીજની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી જેમાં ચક્કરગઢ ગામમાં ધુમાડાબંધ પ્રસાદ અને રામદેવજી મહારાજના પાઠના દર્શન વગેરે ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા. સમાજસેવા બદલ અમરેલી જિલ્લા ખોડલધામ



સમિતિ, લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ, મંડપ સર્વિસ એસોસિએશન વગેરે સંસ્થાઓએ તેમનું સન્માન કર્યું હતું.

# ધારીખાતે પા.પુ.મંત્રી કુંવરજીભાઈ બાવળીયાનું સ્વાગત કરવામાં આવ્યું



અમરેલી,તા.૮

ધારી ખાતે પહોંચેલા રાજયના પાણી પુરવઠા મંત્રી કુંવરજીભાઈ બાવળીયાએ ખોડીયાર ડેમની મુલાકાત લીધા બાદ ખોડીયાર મંદિરે દર્શન કર્યા હતા.

ધારી ખાતે કોળી સમાજના આગેવાન રમેશભાઈ મકવાણા સહિતના આગેવાનોએ કુંવરજીભાઈ બાવળીયાનુ સન્માન કર્યું હતું.

**જમીનમાંથી ઝાડ-પાંદડા અને અન્ય ગાટ વનસ્પતિ દૂર કરવાની માંગ**

# પ્રભાસ પાટણની સોસાયટીઓમાં દીપડા દેખાતા લોકોમાં ફફડાટ

આ જમીનમાં અગાઉ પણ બે-ત્રણ દીપડાઓને વન વિભાગ દ્વારા પાંજરામાં પકડી લેવામાં આવ્યા હતા

ઉના,તા.૮

પ્રભાસ પાટણના સોમનાથ મંદિર પાસે આવેલી વેણેશ્વર સોસાયટી અને સોમનાથ સોસાયટીના લોકો છેલ્લા કેટલાક સમયથી દીપડાના ત્રાસથી ત્રસ્ત છે. આ સોસાયટીઓ પાછળ આવેલી સોમનાથ ટ્રસ્ટ હસ્તકની જમીનમાં બે દીપડાઓ વારંવાર સાંજના સાતથી આઠ વાગ્યાના સમય દરમિયાન ફરતા હોય છે, જેના કારણે આજુબાજુના લોકો અને બાળકોમાં ભયની લાગણી પેદા થઈ છે. જોકે,



તસવીર : કૈલાસ ભટ્ટ

આ જમીનમાં અગાઉ પણ બે-ત્રણ દીપડાઓને વન વિભાગ દ્વારા પાંજરામાં પકડી લેવામાં આવ્યા હતા. પરંતુ ફરીથી દીપડાઓ દેખાવા લાગ્યા છે, જેનાથી લોકોમાં ચિંતા વધી ગઈ છે. સ્થાનિક લોકો માંગ કરી રહ્યા છે કે સોમનાથ ટ્રસ્ટ અને વન વિભાગ દ્વારા આ બાબતે તાત્કાલિક કાર્યવાહી કરવામાં આવે. તેઓ ઈચ્છે છે કે દીપડાઓને પકડીને યોગ્ય સ્થળે ખસેડવામાં આવે અથવા આ જમીનમાંથી ઝાડ-પાંદડા અને અન્ય ગાઢ વનસ્પતિ દૂર કરવામાં આવે જેથી દીપડાઓને છુપાવાનું સ્થાન ન રહે.

# ગોંડલના ખીજડાવાળા મામાદેવના મંદિરે અષાઢી બીજ મહોત્સવની ભવ્ય ઉજવણી

ગોંડલ, તા.૮

ગોંડલમાં જય શ્રી ખીજડાવાળા મામાદેવના મંદિરે પણ અષાઢી બીજ મહોત્સવની ભવ્ય ઊજવણી કરવામાં આવી હતી. સતત ૪૭ વર્ષથી અષાઢી બીજ મહોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવે છે. ગણપતિદાદાનું પૂજન, શ્રી ખીજડા પૂજન, મહાઆરતી, ભોજન પ્રસાદ સહિતના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યુ હતું. મંદિર



ખાતે વાજતે ગાજતે ધ્વજારોહણ કરવામાં આવ્યું હતું. મામાદેવને સાફો પહેરાવવાનું, ભજન સંધ્યાનો કાર્યક્રમ પણ યોજાયો હતો. આ ઉપરાંત નવચંડી યજ્ઞનું પણ આયોજન કરાયું હતું. બહોળી સંખ્યામાં ભક્તો દર્શનાર્થે ઉમટી પડ્યા હતા.

# દેવતણખી ધામ મજેવડી ખાતે અષાઢી બીજ મહોત્સવ ભવ્ય રીતે ઉજવાયો

ધોરાજી, તા.૮

લુહાર સમાજના કુલભુષણ સંત દેવતણખી બાપા પુત્રી લીરબાઈએ અષાઢી બીજના દિવસે જીવતા સમાધિ લીધેલી ત્યારથી અત્યાર સુધી સમાજમાં અનેક પરચાઓ મળ્યા છે. સમગ્ર દેશના ભાવિક ભક્તજનો અષાઢી બીજ મહોત્સવમાં પધારે છે. ધોરાજી જૂનાગઢ વચ્ચે ૧૩ કિલોમીટર દૂર



તસવીર : નયન કુહાડીયા

આવેલા પવિત્ર યાત્રાધામ દેવતણખીધામ મજેવડી ખાતે આ વર્ષે અષાઢી બીજ મહોત્સવ ભવ્ય રીતે ઉજવવામાં આવ્યો હતો. અષાઢી બીજ મહોત્સવમાં સમગ્ર દેશમાં વસતા લુહાર પંચાલ વિશ્વકર્મા સમાજના લોકો મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા. અષાઢી બીજ નિમિત્તે હજારોની સંખ્યામાં ભક્તો અને સેવક સમુદાય ઉમટી પડયા હતા. નાના સરખા મજેવડી ગામમાં વિરાટ શોભાયાત્રા સૌનું આકર્ષણ બની હતી.

વિવિધ સુશોભિત ફ્લોટ્સ નિહાળવા લોકોની ભીડ જામી હતી.

# ધોરાજી પોલીસની ટીમે ૧૨ હજારનાં ઈંગ્લીશ દારૂનાં જથ્થા સાથે શખ્સને ઝડપી પાડ્યો

ધોરાજી, તા.૮

ધોરાજી તાલુકા પોલીસ મથકના પોલીસ સ્ટાફે જમનાવડ-વાલાસીમડી રોડ પરથી બાતમીના આધારે જૂનાગઢ પંથકનાં શખ્સને વિદેશી દારૂ સહિત રૂ.૧૨ હજારનાં મુદ્દામાલ સાથે ઝડપી પાડીને કાર્યવાહી હાથ ધરી હતી.

ધોરાજી તાલુકા પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. વી.જી.જેઠવા તથા સર્વેલન્સ સ્ટાફ પેટ્રોલીંગમાં હતો તે દરમિયાન મળેલી બાતમીના આધારે જમનાવડ-વાલાસીમડી રોડ પર સમીર નામનો શખ્સ શંકાસ્પદ હાલતમાં નીકળતા તેને અટકાવી પોલીસે તપાસતા તેના કબ્જામાંથી રૂા.૧૨૦૦૦ની કિંમતનો વિદેશી દારૂનો જથ્થો મળી આવતા પોલીસે મુદ્દામાલ સાથે આરોપી શખ્સ સમીર સલીમભાઈને ઝડપી પાડીને કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.


**-//મામલતદાર અને એકઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કોર્ટમાં//-**

**જાહેર નોટીસ**

નં. જન્મ નોંધણી /અરજી નં.૫૫/૨૦૨૪

અરજદારશ્રી:- ....... શ્રી ભીમજીભાઈ મનજીભાઈ વરીયા,
રહે. કૃષ્ણગઢ, તા.સાવરકુંડલા, જિ. અમરેલી

**-//વિરૂધ્ધ//-**

સામાવાળા:-........ ૧. તલાટી કમ મંત્રીશ્રી કૃષ્ણગઢ (મીતીયાળા), તા. સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩ (૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા જાહેર નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે,અરજદારશ્રીના **પુત્રી શ્રી વિજયાબેન ભીમજીભાઈ વરીયાનો જન્મ તા.૦૧/૦૬/૧૯૭૫** ના રોજ મુ.કૃષ્ણગઢ-મીતીયાળા, તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયતના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. તો સદર અરજીના અનુસંધાને જન્મની નોંધણી કરાવવા સામાવાળાએ હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોઈ તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી દિન-૩૦ માં પોતે અથવા વકીલ મારફતે **મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટની કચેરી સાવરકુંડલા** ખાતે જરૂરી આધાર-પુરાવા સાથે વાંધો રજુ કરવો. જો ઉપર દર્શાવેલ સમયગાળામાં વાંધો નહી આવે તો આગળની ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી.

આજ તા. ૦૬/૦૭/૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીકકો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

સહી.
મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ
સાવરકુંડલા

## અમરેલી એલસીબી અને વંડા પોલીસે દારૂ ભરેલુ ટેન્કર ઝડપી પાડયુ

# રબારીકા વાડી વિસ્તારમાંથી ૬૧૩ પેટી વિદેશી દારૂ ઝડપાયો

### દારૂ ભરેલા ટેન્કરમાંથી દારૂનું કટીંગ થાય તે પહેલા જ પોલીસ ત્રાટકી, બે શખ્સોના નામ ખુલતા પોલીસ તપાસનો ધમધમાટ

અમરેલી,તા.૮

અમરેલી જિલ્લામાં દેશી દારૂના સપ્લાયનો વીડિયો જાહેર થયા બાદ પોલીસ સતર્ક બની છે. ગત રાત્રીના વંડા પોલીસ સ્ટેશનની હદમાંથી દારૂ ભરેલુ ટેન્કર પસાર થયા બાદ અમરેલી એલસીબી અને વંડા પોલીસે ટેન્કરનો પીછો કરતા ભાવનગર જિલ્લાના જેસર તાલુકાના રબારીકા ગામની વાડી વિસ્તારમાં દારૂનું કટીંગ થાય તે પહેલા જ ૬૧૩ પેટી વિદેશી દારૂ ઝડપી પાડયો હતો. આ દારૂ પ્રકરણમાં બે શખ્સોના નામ ખુલતા પોલીસે બે શખ્સોને ઝડપવા કવાયત હાથ ધરી છે. અમરેલી એલસીબી અને વંડા પોલીસને બાતમી મળી હતી કે દારૂ ભરેલુ ટેન્કર પસાર થવાનુ છે, જેથી પોલીસ સતર્ક બની હતી. ટેન્કર પસાર થયા બાદ ટેન્કર જે રસ્તે ગયુ તેની પાછળ પોલીસ પહોંચી હતી. જયાં એક ગોડાઉન પાસે પોલીસને દારૂની પેટીઓ ભરેલુ ટેન્કર મળી આવ્યું હતું અને અમુક પેટીઓ નીચે પડેલી હતી. પોલીસે તપાસ કરતા ત્યાં કોઈ ઈસમ હાજર મળી આવ્યા નહોતા.



આ દારૂનો મુદ્દામાલ અને ગોડાઉન ભાવનગર જિલ્લાના જેસર તાલુકાના રબારીકા વાડી વિસ્તારમાં આવતો હોવાથી અમરેલી પોલીસે તાત્કાલિક જેસર પોલીસને જાણ કરી હતી. અને તમામ મુદ્દામાલ જેસર પોલીસને સોંપવામાં આવ્યો હતો.

જેસર પોલીસે આ અંગે માહિતી આપી હતી કે, કુલ ૬૧૩ પેટીમાં અંદાજે ૮૦૦૦ કરતા વધારે વિદેશી દારૂની બોટલો મળી આવી છે. ટેન્કર નં.જી.જે.૧૨-ડીવી-૨૦૫૬માં વિદેશી દારૂની પેટીઓ હોવાથી જેસર પોલીસે વિદેશી દારૂની કિં.રૂા.૩૧,૮૧,૨૦૦ સહિત કુલ રૂા.પર લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. પોલીસ તપાસમાં આ દારૂ શિવરાજ ઉર્ફે મુન્ના રબારીકાવાળા અને સુરેશ ભીખાભાઈ જેબલીયાએ મંગાવ્યો હોવાનું ખુલ્યુ હતું. હાલ આ બંને શખ્સો ફરાર હોવાથી પોલીસે બંને શખ્સોને ઝડપવા કવાયત હાથ ધરી છે.

#### દારૂ કયાંથી આવ્યો તે તપાસનો વિષય

કચ્છના પાસીંગવાળા ટેન્કરમાં ૬૧૩ પેટી વિદેશી દારૂ સ્વાભાવિક છે કે, ગુજરાત બહારથી લાવવામાં આવ્યો હોય ત્યારે આ દારૂ રાજયના અનેક જિલ્લામાંથી પસાર થયો હોય પરંતુ બેરોકટોક ટેન્કર છેક રબારીકા વાડી વિસ્તાર સુધી પહોંચી ગયુ. જો અમરેલી એલસીબી અને વંડા પોલીસ સંતર્ક ન હોત તો આ દારૂનું કટીંગ થઈ અનેક તાલુકાઓમાં સપ્લાય થઈ જવાની તૈયારીમાં હતો.

#### બિનવારસી હાલતમાં ટેન્કર મળ્યુ

અમરેલી એલસીબી અને વંડા પોલીસે ટેન્કરનો પીછો કરી રબારીકા વાડી વિસ્તારમાં પહોંચ્યા બાદ ત્યાં કોઈ શખ્સો હાજર નહોતા. રેકી કરનારા શખ્સોએ ફોન મારફતે પોલીસ આવી હોવાની જાણ કરી દીધી હોવાથી દારૂ ઉતારનારા શખ્સો નાસી ગયા હોવાની શંકા વ્યકત કરવામાં આવી રહી છે.

# રાજુલાના કડીયાળી ગામ પાસે બે બાઈક વચ્ચે અકસ્માત : બે લોકોના કરૂણ મોત

અમરેલી તા.૮

અમરેલી જિલ્લામાંથી ભાવનગર-સોમનાથ નેશનલ હાઈવે પસાર થાય છે. જેમાં રાજુલાના કડીયાળી ગામ પાસે આજે બપોરના સમયે બે બાઈક વચ્ચે જોરદાર ટક્કર થતા બંને બાઈકસવારના મોત નિપજ્યા હતા. જ્યારે એક બાઈકમાં પાછળ બેસેલા મહિલાને ઈજા થતા તેને સારવાર માટે ખસેડવામાં આવ્યા છે. પોલીસે આ મામલે ગુનો નોંધવા તજવીજ હાથ ધરી છે. રાજુલાના ખેરા ગામના રહેવાસી કાનજીભાઈ નારણભાઈ બારૈયા અને તેમના પત્ની માયાબેન એક બાઈક પર સવાર હતા. જ્યારે સામેની બાઈક પર પુનાભાઈ ગુજરીયા નામનો યુવક સવાર હતો. આ બંને બાઈક વચ્ચે કડીયાળી પાસે અકસ્માત સર્જાતા કાનજીભાઈનું ઘટનાસ્થળે જ મોત નિપજ્યું હતું. જ્યારે સામેની બાઈક પર સવાર પુનાભાઈ ગુજરીયાનું સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું. જ્યારે માયાબેનને ઈજાઓ પહોંચતા સારવાર માટે ખેસડવામાં આવ્યા છે. પોલીસે ઘટનાસ્થળ પર પહોંચી આ મામલે વધુ તપાસ હાથ ધરી છે.



તસવીર : ગોપાલ રાઠોડ

# રાજ્યમાં તા. ૧૪ જુલાઈ સુધી વરસાદની આગાહી કરતું હવામાન વિભાગ

અમદાવાદ,તા.૮

હવામાન વિભાગ દ્વારા ૮ જુલાઈથી ૧૪ જુલાઈ સુધી ગુજરાત રાજ્યમાં વરસાદની સ્થિતિ અંગે આગાહી કરવામાં આવી છે, જેમાં આગામી બે દિવસ ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત, દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના મોટા ભાગનાં સ્થળો પર ગાજવીજ સાથે મધ્યમ વરસાદની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. જ્યારે સૌરાષ્ટ્ર અને કચ્છના ભાગોમાં કેટલાંક સ્થળ પર હળવાથી ભારે વરસાદની શક્યતા છે. આજે દક્ષિણ ગુજરાતમાં વરસાદનું ઓરેન્જ એલર્ટ જારી કરવામાં આવ્યું છે. ઉલ્લેખનીય છે કે મહારાષ્ટ્રમાં અત્યંત ભારે વરસાદ બાદ ગુજરાતમાં પણ વરસાદની શક્યતા છે. છેલ્લા કેટલાક દિવસની જેમ દક્ષિણ ગુજરાતમાં વરસાદી માહોલ જામશે, એવી શક્યતા હવામાન વિભાગે વ્યક્ત કરી છે. દક્ષિણ ગુજરાતમાં બે દિવસ અતિભારે વરસાદની શક્યતા છે. ત્રીજા દિવસથી એટલે કે ૧૦ જુલાઈથી ૧૪ જુલાઈ દરમિયાન હળવાથી મધ્યમ વરસાદની આગાહી હવામાન વિભાગે કરી છે. આ ઉપરાંત દક્ષિણ ગુજરાતના માછીમારોને દરિયો ન ખેડવા પણ સૂચના આપવામાં આવી છે.



## અનાજની કાળાબજારી કરનારાઓ બેફામ

# બિલખામાંથી ગેરકાયદે ધમધમતુ સરકારી અનાજનું ગોડાઉન પકડાયું

(એ.આર.એલ),જૂનાગઢ,તા.૮

જૂનાગઢમાં અનાજની કાળાબજારી કરનારાઓ બેફામ બન્યા છે. સરકારી અનાજનો જથ્થો ગેરકાયદે રીતે મેળવી સગેવગે કરવાના તો અનેક કિસ્સા સાંભળ્યા હશે પરંતુ આખેઆખુ સરકારી અનાજનું ગેરકાયદે રીતે ગોડાઉન ધમધમતુ હોય તેવુ પ્રથમવાર સામે આવ્યુ છે. વાત છે બિલખાની જ્યાંથી વહીવટી તંત્રએ દરોડાની કામગીરી કરી ગેરકાયદે ધમધમતા સરકારી અનાજનું ગોડાઉન ઝડપ્યુ છે.

હવે કાળાબજારીયાઓને જાણે સરકારનો કે વહીવટીતંત્રનો કોઈ ડર જ ન રહ્યો હોય તેવા દૃશ્યો સામે આવ્યા છે. અનાજની કાળાબજારીના તો અનેક કિસ્સા જોયા હશે પરંતુ આખેઆખુ સરકારી અનાજનું ગોડાઉન ગેરકાયદે રીતે ધમધમતુ હોવાની ઘટના જૂનાગઢના બિલખાથી સામે આવી છે. આ ગોડાઉનમાંથી ૧૬ હજાર ૯૦૦ કિલો અનાજનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે. ગોડાઉનમાંથી ૭ હજાર ૩૫૦ કિલો ઘઉં, ૧ હજાર ૭૫૦ કિલો ચોખા પકડાયા છે. કુલ ૯.૨૫ લાખની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે.



વહીવટી વિભાગે બાતમીને આધારે ગેરકાયદે રીતે ધમધમી રહેલા આ અનાજના ગોડાઉન પર દરોડા કર્યા હતા. આ ગોડાઉન ઈમ્તિયાઝ ચોટલિયા નામનો ઈસમ ચલાવતો હોવાનું સામે આવ્યુ છે. આ સમગ્ર ઘટનામાં જે રેશનકાર્ડ ધારકો સસ્તા અનાજની દુકાનનું અનાજ ગેરકાયદે રીતે વેચી દેતા હોવાનું જણાશે તેમના રેશનકાર્ડ રદ કરવાની પણ કાર્યવાહી કરવામાં આવશે.

છેલ્લા ઘણા સમયથી સસ્તા અનાજના જથ્થામાં ઘટ સામે આવતા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા વોચ ગોઠવવામાં આવી હતી અને કાળાબજારીના રેકેટને પકડવા ચક્રો ગતિમાન કરાયા હતા.

# કુંવરજી બાવળિયાને ઉપમુખ્યમંત્રી બનાવવાની માંગ કરતો કોળી સમાજ

(એ.આર.એલ),ગાંધીનગર,તા.૮

ગુજરાતમાં મંત્રીમંડળનું વિસ્તરણ થાય તેવી રાજકીય અટકળો વહેતી થઈ છે. મંત્રીમંડળનું વિસ્તરણ ક્યારે થશે તે નક્કી નથી ત્યારે અત્યારથી મંત્રીમંડળમાં મહત્વનું પદ મેળવવા માટેની માંગ થઈ રહી છે. કોળી સમાજે કેબિનેટ મંત્રી કુંવરજી બાવળિયાને ડેપ્યુટી મુખ્યમંત્રી બનાવવા માંગણી કરી છે. રથયાત્રા બાદ ગુજરાત ભાજપને નવા પ્રદેશ પ્રમુખ મળે તેવી ગણતરી છે. બોટાદ ખાતે વિસ્તૃત કારોબારીમાં કેન્દ્રીય મંત્રી સી.આર.પાટીલે મને મુક્ત કરો તેવી વિનંતી કરી હતી. આ જોતાં આગામી દિવસોમાં કાર્યકારી પ્રદેશ પ્રમુખનું નામ જાહેર થઈ શકે છે. દરમિયાન, મંત્રીમંડળના વિસ્તરણનો ય ગણગણાટ ચાલી રહ્યો છે. કોનું પત્તુ કપાશે અને કોને મંત્રીપદે તક મળશે તે અંગે રાજકીય અનુમાનો ચાલી રહ્યાં છે ત્યાં કેબિનેટ મંત્રી કુંવરજી બાવળિયાને મંત્રીમંડળમાં પ્રમોશન આપો તેવી માંગ ઉઠી છે. જાણવા મળ્યું છે કે, જસદણ વિંછીયા પંથકના કોળી સમાજના આગેવાનોએ દિલ્હી સુધી રજૂઆત કરી છે કે, ભૂપેન્દ્ર પટેલના મંત્રીમંડળમાં ફેરફાર થવા જઈ રહ્યો છે ત્યારે કોળી સમાજને પ્રતિનિધિત્વ મળે તે માટે કુંવરજી બાવળિયાને ડેપ્યુટી મુખ્યમંત્રી બનાવો. દરમિયાન, કુંવરજી બાવળિયાએ તાજેતરમાં દિલ્હીની મુલાકાત લીધી હતી તે સૂચક ગણાઈ રહી છે.

# દુબઈથી સુરત આવતી ફલાઈટમાં સોનાની દાણચોરી કરતા ૪ ઝડપાયા

સુરત,તા.૮

દુબઈથી સુરત સોનાની હેરાફેરી કરતા એક મહિલા સહિત ૪ શખ્સ ઝડપાયા છે. આરોપીઓ ટ્રાવેલ બેગની અંદર ગોલ્ડની પેસ્ટ બનાવીને સુરતમાં ઘુસાડતા હતા. એરપોર્ટ પર ગોલ્ડ ડિટેક્ટ ન થાય તે માટે ખાસ કેમિકલ એકવારીઝિયા આરોપીઓ વાપરતા હતા. જોકે તેમ છતાં પણ સોનાની હેરાફેરી કરતી ગેંગ એરપોર્ટ પર આવતા સુરત SOGએ ઝડપી પાડી હતી. સમગ્ર ઘટના બહાર લાવવા માટે ઘરેણાં બનાવનાર કારીગર પાસે પેસ્ટની તપાસ કરાવી હતી, કારીગરે પેસ્ટ ઓગાળ્યું તો ૯૨૭ ગ્રામ સોનું (કિંમત ૬૪,૮૯,૦૦૦) નીકળ્યું હતું. ગોલ્ડ સ્મગલિંગ કરતા એક દંપતી સહિત તમામ



આરોપીઓ માંગરોળના વતની છે. SOGને મળેલી માહિતી અનુસાર ૧ મહિલા સહિત ૪ શખ્સ દુબઈથી ગોલ્ડ સ્મગલિંગ કરી સુરત એરપોર્ટ બહારથી આવતા આરોપીઓની ધરપકડ કરી હતી. આરોપીઓનો ગોલ્ડ સ્મગલિંગ માટે નવો કીમિયો સામે આવ્યો હતો. ટ્રાવેલ બેગની અંદર પેસ્ટ બનાવીને ગોલ્ડ દુબઈથી ફ્લાઈટ થકી સુરત લઈ આવ્યા હતા. બેગની અંદરથી પેસ્ટના માધ્યમથી મળ્યું હતું. SOGએ પોતાની જ ઓફિસમાં સોનાનાં ઘરેણાં બનાવનાર કારીગરને બોલાવીને પેસ્ટની તપાસ કરાવી તો ગોલ્ડ નીકળ્યું હતું. તમામનું વજન કરતા કુલ ૯૨૭ ગ્રામ ગોલ્ડ આરોપીઓ દુબઈથી સુરત લઈને આવી ગયા અને એરપોર્ટ પર કોઈને તેની જાણ સુધ્ધા થઈ નથી. આ ગોલ્ડની કિંમત ૬૪,૮૯,૦૦૦ રૂપિયા માનવામાં આવી રહી છે.




## પાક વીમાના વળતર મુદ્દે

# હાઈકોર્ટે સરકારની કમિટી દ્વારા તૈયાર કરવામાં આવેલા રિપોર્ટને નકારી દીધો

(એ.આર.એલ),ગાંધીનગર,તા.૮

રાજ્યમાં ચોમાસા દરમિયાન પૂર અને અને કુદરતી હોનારતના લીધે ખેડૂતોને ભારે નુકસાન વેઠવાનો વારો આવે છે. ત્યારે ગુજરાત હાઈકોર્ટે પાક વીમાના વળતર મુદ્દે સરકારની કમિટી દ્વારા તૈયાર કરવામાં આવેલા રિપોર્ટને નકારી કાઢવામાં આવ્યો છે. જેને લઈને ખેડૂતો માટે ખુશીના સમાચાર છે. રાજ્યમાં વર્ષ ૨૦૧૭-૨૦૧૮ માં ભારે વરસાદના લીધે ખેડૂતોના પાકને ભારે નુકસાન થયું હતું. ત્યારે રાજ્ય સરકાર દ્વારા ખેડૂતોને પાક વીમા યોજના અંતર્ગત વળતર આપવા માટે સર્વે કરવામાં આવ્યો હતો. પ્રધાનમંત્રી ફસલ બીમા યોજના અંતર્ગત લાયકાત ધરાવતા



ખેડૂતોને વળતર આપવા માટે સરકાર દ્વારા નિમાયેલી કમિટીએ યોગ્ય સર્વે ન કર્યો હોવાનું હાઈકોર્ટે અવલોકન કર્યું છે. ખેડૂતોની રજૂઆત સાંભળ્યા વિના સરકારની કમિટીએ રિપોર્ટ તૈયાર કર્યો હતો હોવાનું હાઈકોર્ટે કહ્યું હતું. ગુજરાત હાઈકોર્ટ દ્વારા સરકારના આ રિપોર્ટને નકારી કાઢવામાં આવ્યો હતો. હાઈકોર્ટ સમક્ષ અરજી કરનાર અરજદારોના ક્લેમ બાબતે પણ કમિટીએ સુનાવણીની તક નહીં આપી હોવાનું હાઈકોર્ટે નોંધ્યું છે. આગામી બે અઠવાડિયામાં નવેસરથી રિપોર્ટ કોર્ટમાં રજૂ કરવાનો આદેશ કર્યો હતો. આગામી સુનાવણી ૨૬ જુલાઈએ હાથ ધરાશે.

# રાજકોટ અગ્નિકાંડ : મનસુખ સાગઠિયાના મોટાભાઈની પણ કરાઈ બદલી, જ્વેલર્સ માલિકોની પૂછપરછ

(એ.આર.એલ),રાજકોટ,તા.૮

મનસુખ સાગઠિયાના મોટા ભાઈની બદલી કરાઈ છે. મનસુખ સાગઠિયાના મોટા ભાઈ કે.ડી. સાગઠિયાની બદલી કરાઈ છે. કે.ડી.સાગઠિયા રાજ્યની મુખ્ય ટાઉન પ્લાનિંગ કચેરીમાં ફરજ પર હતા. જ્યારે સમગ્ર રાજ્યમાં થતાં ટાઉન પ્લાનિંગની મુખ્ય કચેરીમાં નંબર ૨ ની પોઝિશન પર હતા. હવે તેમને GIDC ઉદ્યોગ ભવન ખાતે મૂકવામાં આવ્યા છે. આવામાં આગામી દિવસોમાં તેમની કામગીરીની ચકાસણી થવાની પણ શક્યતા છે.

બીજી બાજુ, રાજકોટ મહાનગરપાલિકાના પૂર્વ ટીપીઓ એમ.ડી. સાગઠિયાની ઓફિસમાંથી થોડા સમય પહેલા લાખો રૂપિયાનું સોનું તેમજ ચાંદી મળી આવ્યું હતું. આ મામલે એન્ટી કરપ્શન બ્યુરો દ્વારા રાજકોટની ત્રણ નામાંકિત જ્વેલર્સના સંચાલકોની પૂછપરછ કરવામાં આવી હતી.

રાજકોટ મહાનગરપાલિકાના પૂર્વ ટાઉન પ્લાનર એમ.ડી. સાગઠિયાની ઓફિસમાંથી મળેલા સોના-ચાંદીના દાગીના મામલે રાજકોટના નામાંકિત ત્રણ જવેલર્સના સંચાલકોની પૂછપરછ કરાઈ હતી. એન્ટી કરપ્શન બ્યુરોના અધિકારીઓ દ્વારા રાજકોટ શહેરના રાધિકા જવેલર્સ, શિલ્પા જવેલર્સ તેમજ પ્રેમજી વાલજી જવેલર્સના સંચાલકોની પૂછપરછ કરાઈ હતી.